# પંખ

સ્વકેન્દ્રીથી
સમકેન્દ્રી
વિશ્વ તરફની
ઉડાન

અંક ૨૫ | ફેબ્રુઆરી ૨૦૧૮



મેં કહ્યું કે પ્રેમ કરું છું ને પૂછ્યું તું પ્રેમ કરે છે ?
એણે પૂછ્યું, આનો ઉત્તર અહીંયા દઉં કે ઝાકળ વચ્ચે ?
ફૂલો, ડાળી, પર્ણો કહે છે તારા સ્પર્શમાં એવો જાદુ,
વસંતને પણ વસંત ફૂટે, તું જો અડકે ઝાકળ વચ્ચે.
-કુલદીપ કારિયા

http://www.facebook.com/pankhemagazine



# સંપાદકની કલમે

- યાજ્ઞિક વઘાસિયા

**ये इश्क नही आसाँ इतना ही समज लीजे**
**इक आग का दरिया है और डूब के जाना है**
**- जिगर मुरादाबादी**

વેલેન્ટાઈન-ડે આવી ગયો. ને એ સાથે અમારો અંક પણ આવી ગયો. આ સાથે જ પંખના ટોટલ પચીસ અંકની સફર ખેડાઈ ગઈ. હજી હમણાં જ વેલેન્ટાઈન થીમ પરનો 'પંખ'નો પહેલો અંક રીલીઝ કરેલો, એવું લાગે, પણ જો કે એ વાતને પણ બે વર્ષ થઇ ગયા છે.

આ અંકથી અમે 'નિકેતા વ્યાસ'ની નવી કૉલમ ચાલુ કરેલ છે – 'SPOTલાઈટ', જે તમારા અમુક RESTRICTED વિચારો પર પ્રકાશપુંજ ફેલાવશે અથવા અમુક 'ના' ચર્ચાયા હોય અથવા 'ઓછા' ચર્ચાયા હોય, એવા વિષયો પર ચર્ચા કરશે. આશા છે કે, આ કૉલમને પણ તમે દિલથી વધાવી લો.

આ અંક વેલેન્ટાઈન સ્પેશિયલ નથી. પણ વેલેન્ટાઇન-ડે પર રીલીઝ કરવાનું કારણ જ એ છે કે, તમે લોકો અમારા LOVED ONCE છુઓ. બસ અત્યાર સુધી વરસાવ્યો છે, એવી જ રીતે પ્રેમ વરસાવતા રહો.

આખરે લેખક માટે 'વાચક' જ સર્વસ્વ છે, એ સત્યથી અમે સુપેરે પરિચિત છીએ. અમે અમારા તરફથી પૂરો પ્રયત્ન કરીએ છીએ કે તમને કંઇક નવીન મળે, ક્ષતિરહિત મળે. છતાં પણ ક્યાંક, કશે કચાશ રહી જતી હોય તો અમને જણાવશો, તો ગમશે. અમારો કોન્ટેક્ટ કરવા માટેના વિવિધ રસ્તાઓ બેક-કવર પર આપેલા છે.

ગયા અંકમાં જે ONLINE CONTEST ની વાત કરી હતી, એ હવે અમે નક્કી કરી લીધી છે. જેની વિધિવત જાહેરાત અમે થોડા દિવસમાં અમારા ફેસબુક પેજમાંથી કરીશું. અમને વિશ્વાસ છે કે, એમાં ભાગ લેવો એ તમારા માટે ચોક્કસ એક વિશેષ અનુભવ બની જશે. આથી જરૂર ભાગ લેશો.

**ટપકું**

પ્રેમ અને લાગણીઓને સમજવામાં મન અને બુદ્ધિની નહી, પણ શ્રદ્ધાની જરૂર છે. કારણ કે, મન ચંચળ છે અને બુદ્ધિ અધુરી છે. ફક્ત શ્રદ્ધા જ પૂર્ણ છે.



# બટાકા, ઇંડા કે કૉફી-બીન્સ?

Catalyst

- અનંત ગોહિલ

**બને એવું સમસ્યાઓને પણ વિસ્મય થવા લાગે,**
**કશું અંધારામાં ઉગે, ને સૂર્યોદય થવા લાગે.**
**- ગની દહીંવાલા**

એકવાર એક માણસ રસ્તેથી પસાર થતો હતો અને તેણે જોયું કે સામે બે-ચાર હાથીઓનું નાનું ટોળું હતું. આ ટોળામાંના હાથીઓને પગથી માત્ર એક દોરડા વડે બાંધીને રાખવામાં આવ્યા હતા. આ જોઇને એને ઘણું આશ્ચર્ય થયું કે આટલા કદાવર પ્રાણીને સાચવવા માટે કોઈ સાંકળ કે પાંજરું નહીં, માત્ર એક સામાન્ય દોરડાનો ઉપયોગ થયો હતો. એને થયું કે આ હાથીઓ કોઈ પણ ક્ષણે આ બંધન તોડી નાખવા સક્ષમ છે પણ કોઈ કારણોસર તેઓ પણ આવું કંઈ કરી નથી રહ્યા.

તેણે નજીકમાં જ એ હાથીના ‘ટ્રેનર’ને જોયો અને પૂછ્યું કે કેમ આ પ્રાણીઓ માત્ર દોરડા વડે બંધાયા હોવા છતાં અહીં ઉભા રહ્યા છે? તેઓ ભાગવાનો પ્રયત્ન પણ નથી કરતા? આ સાંભળીને ટ્રેનરએ વ્યક્તિ સામે સ્મિત કરતા કહ્યું કે, જયારે આ હાથી નાના હતા ત્યારે પણ અમે આ જ દોરડા વડે તેમને બાંધી રાખતા. અને એ ઉંમરે આ દોરડા એમને બાંધી રાખવા પૂરતા સક્ષમ હતા. જેમ-જેમ આ પ્રાણીઓ મોટા થતા ગયા તેમ-તેમ એમના મનમાં એક વાત ‘ફિક્સ’ થતી ગઈ કે, આપણે આ બંધનથી છૂટવા માટે અસક્ષમ છીએ. તેઓ એવું માનવા લાગ્યા છે કે તેઓ જે આ દોરડાથી બંધાયેલા છે એ તેમનાથી તૂટી નહીં જ શકે, અને એટલા માટે જ તેઓ આ દોરડાથી છૂટવાનો પ્રયત્ન પણ નથી કરતા!


પેલો માણસ પણ આશ્ચર્યચકિત થઇ જાય છે. આ પ્રાણીઓ કોઈ પણ સમયે તેમના બંધનમાંથી છૂટી શકે તેમ છે પણ, “હું આમાંથી છૂટી શકીશ નહીં!” એ વિચારને કારણે હજુ પણ તેઓ એ જ બંધનમાં બંધાઈને રહ્યા છે.

આ હાથીઓની જેમ જ આપણામાંના જ કેટલા બધા હશે જે પોતાના જીવનમાં અટકીને ઉભા છે માત્ર ને માત્ર એ જ કારણથી કે, “હું કંઈ કરી શકીશ નહીં!” કે “મારાથી કંઈ થશે નહીં!” અને આવું પણ એ જ કારણોસર કહેતા હોઈએ છીએ કેમ કે આપણે પહેલા અમુક વસ્તુઓમાં આપણને ‘સક્સેસ’ ના મળી હોય, અમુક વાતોમાં આપણે સદંતર નિષ્ફળ ગયા હોઈએ.

નિષ્ફળતા એ જીવનનો એક ભાગ છે. નિષ્ફળતા એટલે પૂર્ણવિરામ નહીં પણ, સફળતા સુધી પહોંચતા પહેલાનો એક

અલ્પવિરામ છે. ફિનીક્સ પંખીને પણ રાખમાંથી ફરી બેઠા થવા માટે એકવાર બળવું તો પડે જ છે. રોબર્ટ કિયોસાકી કહે છે કે, “વિજેતાઓ ક્યારેય નિષ્ફળતાથી નથી ડરતા, નિષ્ફળતા એ સફળતા તરફની એક ‘પ્રોસેસ’ છે. જે લોકો નિષ્ફળતાને ટાળે છે એ લોકો સાથે-સાથે સફળતાને પણ ટાળી દે છે.”


એકવાર એક છોકરી પોતાના પિતાને ફરિયાદ કરે છે કે એ પોતાના જીવનમાં મૂંઝાઈ ગઈ છે. એને એ પણ નથી ખબર પડી રહી કે એ ક્યારેય કોઈ કામ કરી પણ શકશે કે નહીં! પોતાના જીવનમાં એ ‘સ્ટ્રગલ’ કરી-કરીને કંટાળી ગઈ હતી. હજુ તો એક ‘પ્રોબ્લમ’ સોલ્વ ના થયો હોય ત્યાં તો બીજો કોઈ પ્રશ્ન ઉભો ને ઉભો જ હોય તેની લાઇફમાં!




તેણીના પિતા કે જે વ્યવસાયે એક ‘શેફ’ હતા, તે તેને પોતાની સાથે ‘કિચન’માં લઇ જાય છે. ત્યાં જઈને એ ત્રણ વાસણ લે છે અને દરેક વાસણમાં પાણી ભરી દે છે. અને એ ત્રણે વાસણમાંનાં પાણીને ઉકાળવા માટે ‘સ્ટવ’ પર મુકે છે. જેવું પાણી ઉકળવાનું શરુ થાય છે એવા તેના પિતા એક વાસણમાં બટાકા, એક વાસણમાં ઈંડા અને એક વાસણમાં કોફી-બીન્સ નાખી દે છે. ત્યારબાદ તે કંઈ પણ બોલ્યા વગર એ ત્રણે વાસણમાંના પાણીને ઉકળવા દે છે, આ બાજુ તેની દીકરી એકદમ ઉત્સુકતાથી જોઈ રહી હોય છે કે એના પિતા આખરે કરી શું રહ્યા છે!




બરાબર વીસ મિનીટ પછી એના પિતા ‘સ્ટવ’ બંધ કરે છે. પહેલા પાત્રમાંથી બટેકા કાઢીને એક બાઉલમાં લે છે. બીજા પાત્રમાંથી ઈંડા કાઢીને બીજા એક બાઉલમાં લે છે અને જે પાત્રમાં કોફી-બીન્સ નાખેલા હતા એ પાણીને એક કપમાં કાઢીને મુકે છે.




આટલું કર્યા પછી તે પોતાની દીકરીને પૂછે છે કે, “તને આ સામે શું દેખાય છે?” એ ઝડપથી કહે છે કે, “ બટાકા, ઈંડા અને કોફી-બીન્સ!” હવે તે કહે છે કે નજીકથી જો અને બટાકાને અડ! તેણીએ એમ કર્યું અને નોંધ્યું કે બટાકા ‘સોફ્ટ’ થઇ ગયા હતા. ત્યારબાદ તેના પિતાએ તેણે ઈંડું લઈને તોડવાનું કહ્યું, તેણે એવું કર્યું અને નોંધ્યું કે ઈંડું ઉકાળ્યા પછી કઠણ થઇ ગયું હતું. ત્યારબાદ તેના પિતાએ તેને કોફી-બીન્સ નાખેલું એ પાણી ચાખવા કહ્યું, કોફીની એ સુગંધથી એ છોકરીના મુખ પર એક મંદ સ્મિત રમવા લાગ્યું.

એ છોકરી પછી એના પિતાને પૂછે છે કે, “આ બધાનો મતલબ શું નીકળ્યો?”

એના પિતા તેને સમજાવતા કહે છે કે બટાકા, ઈંડા કે કોફી-બીન્સ ત્રણે સામે એક જ સરખી પ્રતિકૂળતા હતી અને એ હતું ઉકળતું પાણી. એ છતાં પણ ત્રણે એ પ્રતિકૂળતા સામે ‘રિએક્ટ’ અલગ-અલગ રીતે કર્યું. બટાકા શરૂઆતમાં ઘણા મજબૂત અને કઠણ હતા પણ ઉકળતા પાણીમાં નાખ્યા બાદ એટલે કે પ્રતિકૂળતા આવ્યા બાદ તે ‘સોફ્ટ’ અને નબળા પડી ગયા. ઈંડા શરૂઆતમાં ખૂબ બરડ હતા અને તેના બહારના કોચલાએ અંદરના પ્રવાહીને સાચવીને રાખ્યું હતું પરંતુ જયારે ગરમ પાણીમાં ઉકાળવામાં આવ્યા ત્યારે તે અંદરથી એકદમ મજબુત થઇ ગયા.

આ બન્ને બાદ, જે કોફી-બીન્સ હતા એ આ બન્નેથી કંઇક અલગ નીકળ્યા, જયારે કોફી-બીન્સને પાણીમાં ઉકાળવામાં આવ્યા ત્યારે તેમણે પાણીને બદલીને કંઇક નવું જ પીણું બનાવી નાખ્યું. આટલું સમજાવ્યા બાદ પિતાએ પોતાની દીકરીને પૂછ્યું કે, “હવે આ ત્રણમાંથી તું શું છે? જયારે કોઈ ખરાબ પરિસ્થિતિ સર્જાય ત્યારે તું કોની જેમ ‘રિએક્ટ’ કરે છે, એક બટાકાની જેમ, એક ઈંડાની જેમ કે પછી એક કોફી-બીનની જેમ?”

બસ આ જ સવાલ આપણે આપણી જાતને પૂછવાનો કે જયારે જીવનમાં કોઈ ખરાબ પરિસ્થિતિ સર્જાય, કોઈ જગ્યાએથી નિષ્ફળતા મળે, કોઈ પ્રતિકૂળતા સર્જાય ત્યારે આપણે બટાકાની જેમ ઢીલા પડી જઈએ છીએ, ઈંડાની જેમ કઠણ થઇ જઈએ છીએ કે પછી કોફી-બીનની જેમ એ વિષમ પરિસ્થિતિમાં પણ કંઇક અલગ સુંદર વાતાવરણ રચીએ છીએ?




**આફટર-શોક**

લગભગ દરેક સફળ વ્યક્તિ બે વિશ્વાસ સાથે કામની શરૂઆત કરે છે :
મારું ભવિષ્ય મારા વર્તમાનની સરખામણીમાં વધુ ઉજળું હોઈ શકે છે
અને હું તે ભવિષ્યને બનાવવાની પુરેપૂરી તાકાત રાખું છું.

- અજ્ઞાત



# અમેરિકન ગોડ્સ / નવો યુગ, નવા ઈશ્વર / શ્રદ્ધા એટલા દેવ!


## ટેક્વેરિયા

- સ્પર્શ હાર્દિક

મોડર્ન કલ્ચર અને તેનાં કારણે બદલાતી ટેવોએ મનુષ્યજીવન અને સમગ્ર માનવસભ્યતા પર શું અસર કરી છે તે મુદ્દા પર કમેન્ટ કરતી ઘણી વાર્તાઓ લખાઈ છે. ‘ફાઇટક્લબ’ મૂવિ અને ‘મિસ્ટર રોબોટ’ ટીવી સીરિઝનાં નાયકો મનિ-ફોકસ્ડ કન્સ્યૂમરિઝમ સામે જંગે ચડે છે જ્યારે ‘સેવન’ જેવી મૂવિમાં ખલનાયક માણસના સ્વભાવની મૂળભૂત બદીઓ – લોભ, વાસના, ઘમંડ અને ઈર્ષ્યા વગેરેને ટાર્ગેટ કરી એક પછી એક હત્યા કરતો જાય છે. ઇનશોર્ટ આ દરેકનો વ્યક્તિગત સૂર એવો કે, દુનિયા/સમાજ ખોટા માર્ગે ચડી ગયા છે અને તેમને સીધાદોર કરવા ઠોસ કદમ લેવા જરૂરી છે.

નીલ ગૈમન આ થીમ સબ્જેક્ટને આંખ સામે રાખી, એક સ્ટેપ આગળ વધી ૨૦૦૧માં ‘અમેરિકન ગોડ્સ’ નોવેલ લખે છે જેમાં લડાઈ માણસો વચ્ચે નહીં પણ ઈશ્વરો વચ્ચે છે, નવા યુગના ઈશ્વરો અને પરંપરાગત જૂના ઈશ્વરો વચ્ચે! આ નોવેલનું પ્રિમાઇસ (તર્કબદ્ધ કથન) છે, ‘લોકો વિશ્વાસ કરે છે એટલે ઈશ્વરનું અસ્તિત્વ છે.’ આ પ્રિમાઇસનો ટેકો લઈ નીલ ગૈમન જે કથા આરંભે છે એમાં એ પ્રકારની વાત પણ સમાવી લેવાઈ છે કે જેમ લોકોની અમુક ઈશ્વર પર શ્રદ્ધા ઓછી થાય એમ તે ઈશ્વરોની શક્તિ ક્ષીણ થતી જાય. આ નોવેલની કાલ્પનિક કથાની વાત થઈ પણ વાસ્તવમાં નીલ ગૈમને જે પ્રિમાઇસનો આધાર લીધો છે તેને તર્કવાદીઓ કે બુદ્ધિવાદીઓ ન સ્વિકારી શકે તોયે સ્પિરિચ્યુઅલ રીતે એ વિધાનમાં અમુક રીતની સચ્ચાઈ ખરી.

વસાહતીઓના દેશ અમેરિકામાં વિશ્વની વિભિન્ન પ્રજાઓ આવીને વસી છે અને તેઓ એમનું કલ્ચર, આસ્થા અને ઈશ્વર પણ સાથે લઈ આવેલા. કથામાં આવા જ હ્યુમન-ફિગર ઈશ્વરો પાત્રરૂપે રજૂ થયેલા છે. બે પ્રકારના ઈશ્વરો છે, નવા ઈશ્વરો અને જૂના ઈશ્વરો. જૂના ઈશ્વરોમાં છે સૌપ્રથમ ગણાધિપતિ, જર્મેનિક લોકોની નોર્સ માઇથોલોજિના દેવતા ઓડીનનો અવતાર મિસ્ટર વેન્સડે; પ્રેમ અને સેક્સની દેવી બિલકીસ જેનો ઉલ્લેખ બાઇબલમાં ‘શેબાની રાણી’ તરીકે આવે છે; કરોળિયાનું સ્વરૂપ ધારણ કરી શકતા વેસ્ટ



આફ્રિકન દેવતા અનાન્સી, જે જ્ઞાન અને વાર્તાઓનાં દેવ ગણાય છે; વસંતની દેવી ઈસ્ટર; કાળ અને વિનાશની દેવી કાલી; ઉપરાંત જીઝસ અને લોકી જેવા બીજા ઈશ્વર પણ નાના-મોટા પાત્રરૂપે સમાવેલા છે.

વાત રસપ્રદ, નવા ઈશ્વરોની. મિસ્ટર વર્લ્ડ નવા ઈશ્વરોના ગણાધિપતિ છે, જે ગ્લોબલાઇઝેશનને રિપ્રેઝન્ટ કરે છે. મિસ્ટર વર્લ્ડ એક રીતે કેપિટલિઝમનાં દેવતા છે જે ઇન્ટરનેટ એજમાં સર્વેલન્સ વડે લોકોની દરેક વાતો જોઈ અને સાંભળી શકે છે.



જ્યોર્જ ઓરવેલે આ જ પ્રકારની એક તાકતને સન ૧૯૪૯માં રજૂ કરેલી નોવેલ '1984માં 'બીગ બ્રધર' નામે ઓળખાવી હતી જે સતત દરેક નાગરીક પર નજર રાખે છે, લોકો ભૂલી ન જાય એ માટે તેમને વાંરવાર યાદ કરાવવામાં આવે છે, 'બીગ બ્રધર ઇઝ વોચિંગ યુ.' કોઈને આ પાત્રની પ્રેરણા 'ઇલ્યૂમિનાટિ' જેવી સંસ્થાઓ પરથી લેવાઈ હોય એમ પણ લાગે જે જગત પર એકહથ્થુ નિયંત્રણ ઈચ્છે છે. જો કે આજના સમયમાં ઇલ્યૂમિનાટિ જેવી સંસ્થાઓ વાસ્તવિકતા છે કે ગપ્પુ એ પણ મહાપ્રશ્ન છે.

એક રેડ્ડીટ યુઝર 'મિસ્ટર વર્લ્ડ'ને આજની જાયન્ટ કંપની ગૂગલ, એપલ અને માઇક્રોસોફ્ટ સાથે સરખાવે છે જેમની પાસે વિશ્વના કરોડો લોકોનો દરેક પ્રકારનો ડેટા પડ્યો છે. મિસ્ટર વર્લ્ડનો મુખ્ય પાવર જ છે ડેટા/ઇન્ફર્મેશન, જેના વડે તે ગણતરીની ક્ષણમાં સ્ટોકમાર્કેટ કડકભૂસ કરી શકે છે, પરમાણુ મિસાઇલ લોન્ચ કરી દુશ્મન દેશો વચ્ચે લડાઈ કરાવી શકે છે, ગમે તે રીતે વિશ્વની વ્યવસ્થામાં ભાંગફોડ કરી શકે છે. બીજા ક્રમે છે, 'ટેક્નિકલ બોય' જે કમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો દેવતા છે. ટીનએજર જાડીયો છોકરો, ચહેરા પર ખીલના ડાઘ, ડાયેટ કોકની બોટલ ચૂસતો, લીમોમાં ફરતો ટેક્નિકલ બોય નેવુંના દાયકાના ગિક છોકરાઓનું રિપ્રેઝન્ટેશન છે. ટીવી સીરિઝમાં આ પાત્રનાં લૂકમાં આજના સમય મુજબ ફેરફાર કરાયો છે. બીજા પાવરફુલ ગોડ્સ સામે આ હજુ બચ્ચું છે પણ એની શક્તિને નજરઅંદાજ કરી શકાય એમ નથી. સ્વભાવે બળવાખોર અને જક્કી ટેક્નિકલ બોય જોશમાં આવી ગમે તે કરી બેસે છે. ફેસબુક, ટ્વિટર, ઇન્સ્ટાગ્રામ જેવા માધ્યમોની તાકતને આ ટેક્નિકલ બોય સાથે જોડી શકાય.



વોલ્ટર આઇઝેક્શન 'સ્ટીવ જોબ્સ'માં લખે છે કે અમેરિકાનાં પશ્ચિમનાં (સિલિકોન વેલિનાં, જે ઇન્ટરનેટ/ટેક્નોલોજિ કલ્ચરનું પારણું ગણાય છે) આ છટકેલ દિમાગના યંગ્સ્ટરો પૂર્વનાં ધનપતિઓને (ન્યૂયોર્ક વગેરે શહેરોમાં કેન્દ્રિત ફાઇનાન્સર, જેમણે આવા ભેજાબાજોના આઇડિયા પાછળ રોકાણ કરેલું) અંગત રીતે પસંદ નથી. બસ આ પ્રકારનો અણગમો મિસ્ટર વર્લ્ડને આ ટેક્નિકલ બોયની હરકતો પ્રત્યે દેખાય છે.

ટીવી/સિનેમા/માસકમ્યુનિકેશની દેવી છે મીડિયા. રંગ અને રૂપ વડે રીઝવવાની કળામાં નિષ્ણાંત મીડિયા દેવી મેર્લિન મનરોનું સ્વરૂપ લઈને કહે છે, 'સ્ક્રીન મારી યજ્ઞવેદી છે. લોકો એમાં મને ભોગ ચડાવે છે. તેઓ એકબીજા જોડે બેસે છે, એકબીજાની અવગણના કરે છે અને પોતાની જાત મારામાં હોમી દે છે. હવે તો તેઓ હથેળીમાં સમાય એવી સ્ક્રીન રાખતા થયા છે, ખોળામાં રખાય એવી સ્ક્રીન વાપરતા થયા છે. સમય અને એકાગ્રતા પશુના બલી કરતા પણ તાકતવર છે.' વિશ્વ જેમ સ્ક્રીનનો ઉપભોગ વધારતું જાય છે તેમ આ મીડિયાની દેવી ઓર શક્તિશાળી બનતી જાય છે.





આ ઉપરાંત નવા ઈશ્વરોમાં સ્ટોકમાર્કેટને કંટ્રોલ કરતા ભેદી ઈશ્વર ઇન્ટેન્જિબલ્સ પણ છે. દરેક નવા ઈશ્વરો મોડર્ન કલ્ચરના પ્રતાપે જન્મેલી વિવિધ તાકતોનું પર્સોનિફિકેશન છે. નીલ ગૈમન શેડો નામના માણસથી કથા શરૂ કરે છે જે ધીમે ધીમે નવા અને જૂના ઈશ્વરો વચ્ચે આકાર લઈ રહેલા યુદ્ધ અંગે જાણતો થાય છે. આ પાત્રને નીલ ગૈમન પોતાની સાથે આઇડેન્ટિફાય કરીને કહે છે કે તેઓ બહારના માણસ બનીને અમેરિકા આવવાના જાતઅનુભવ અને અમેરિકા બહારના માણસના કલ્ચરને ખાઈ જાય છે, તે વાત બયાન કરાવા માંગતા હતા.




નોવેલનું નામ 'અમેરિકન ગોડ્સ' હોવા છતા આ પૂરા વિશ્વમાં વ્યાપ્ય સમસ્યાની રજૂઆત છે, જ્યાં-જ્યાં મોડર્ન કલ્ચર તે સ્થળોની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઓળખોને હાની કરી રહ્યું છે.

જોનરવાઇઝ જોઈએ તો આ નોવેલ અર્બન ફેન્ટસિ છે, આધુનિક પરીકથા. નોવેલનાં પ્રિમાઇસ મુજબ આ ઈશ્વરોની શક્તિ મનુષ્યોની શ્રદ્ધા પર આધાર રાખે છે. કથાઓ સ્વરૂપે આ શ્રદ્ધા પેઢી દર પેઢી મનુષ્યોને વારસામાં મળતી જાય છે. પણ સમય સાથે જેમ આ કથાઓ વિસરાતી જાય અને આખરે જે-તે ઈશ્વરની વાર્તા જાણનારો છેલ્લો મનુષ્ય મૃત્યુ પામે, એ સાથે તે ઈશ્વરનો પણ નાશ થઈ જાય! સામા પક્ષે આધુનિક મનુષ્યોએ પોતાનું કોન્સન્ટ્રેશન અને વિશ્વાસ મિસ્ટર વર્લ્ડ, ટેક્નિકલ બોય અને મીડિયા જેવા દેવતાઓ સમક્ષ સાષ્ટાંગ કરી ધરી દીધા હોય એટલે તેઓ વધારે સ્ટ્રોંગ થતા જાય!




પહેલા જ કહ્યું તેમ, ઉપરની વાત રેશનલ લોકોને હવાબાજી લાગી શકે પણ સામે છેડે સારાહ જોન્સ નામની લેખક આ જ વાર્તાનાં સંદર્ભમાં પ્રિમાઇસનું હકારાત્મક અર્થઘટન આપે છે કે, અતાર્કિક નિર્ણયોનું અનુસરણ માણસના સ્વભાવમાં ઊંડે સુધી અસ્તિત્વ ધરાવે છે તથા ઈશ્વર પર વિશ્વાસ, આશા અને પ્રેમ પણ રેશનલ નથી. કોઈ અવ્યક્ત શક્તિ પ્રત્યેની આ લાગણીને મનુષ્યો ઈશ્વરનું સ્વરૂપ આપે છે. પરંપરાગત ઈશ્વરની માન્યતાને ન સ્વીકારનાર તર્કવાદી



મનુષ્યો પણ આ પ્રકારના મોડર્ન ગોડ્સના ઉદ્ભવને ગંભીરતાથી લઈ રહ્યા છે. ના, મોડર્ન ઈશ્વરોના મંદિર નથી બનતા કે એમના પર ધર્મગ્રંથો નથી લખાતા પણ કવિતાની ભાષામાં કહીએ તો, મોડર્ન હ્યુમન દિવસમાં સેંકડોવાર લેપટોપ અને મોબાઇલના સ્ક્રિન આગળ સર ઝૂકાવી સજદા કરતો હોય છે એ નવા ઈશ્વરોની ઇબાદતથી કંઈ કમ છે?! મિસ્ટર વર્લ્ડ, ટેક્નિકલ બોય અને મીડિયા જેવા પાત્રોને ઈશ્વરનું નામ ન આપો તો પણ આ પરિબળો મનુષ્યનાં જીવન અને વિશ્વમાં ગંભીર અસરો કરી શકે એવી પ્રચંડ તાકતો બની ગઈ છે એ હકીકત છે.

## કોફિ-સ્ક્રિપ્ટ

**હવે એ તો ચવાઈ ગયેલો વિલાપ છે કે જે ગતિએ વૈજ્ઞાનિક જ્ઞાન વિકસી રહ્યું છે તેની સામે માણસની નૈતિક ઉન્નતિ ધીમી છે. આપણે મનુષ્યો જેટલા બુદ્ધિશાળી છીએ એટલા જ નૈતિક રીતે સદ્ધર નહીં હોઈએ તો આપણે ટેક્નોલોજીનો વિનાશક ઉપયોગ જ કરવાના. ખામી આપણા સાધનોમાં નથી, આપણામાં છે.**

**જ્હોન ગ્રે (બ્રિટિશ પોલિટિકલ ફિલોસોફર અને ફિલોસોફી એનાલિસ્ટ)**



# Humourરસ

## વેલેન્ટાઈન ડે : દેખો વો આ ગયા

- દર્શિલ ચૌહાણ

ફિરંગીઓની વસંતઋતુ એટલે કે ફેબ્રુઆરી મહિનો ચડી આવ્યો છે. આ એ જ સમયગાળો છે જ્યારે માણસોની અંદરનો કવિ જાગી જાય છે. કોઈકને ઇમ્પ્રેસ કરવા કઢંગી શાયરીઓનો એવો તોપમારો ચલાવે ને કે પૂછો જ નઈ! અલા ભાઈ, તારે જેને સંભળાવવી હોય એને એકલીને મોકલ ને. આ વોટ્સએપ સ્ટોરીમાં મૂકીને સામૂહિક ટોર્ચર કરવાનો શું મતલબ! હું આ લખું છું ત્યારે, પ્રેમીઓ નામના(સામાજીક) પ્રાણીઓ (જેમને હું પ્રેમથી 'લવરયા' પણ કહુ છું) નો પ્રિય તહેવાર એવો 'વેલેન્ટાઈન ડે'ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આપણા પૂર્વજો કહી ગયા છે કે 'મુસીબતો' અને 'વેલેન્ટાઈન ડે' ક્યારેય એકલા નથી આવતા, વેલેન્ટાઈન ડે ની સાથે ટેડી ડે, પપ્પી ડે, હગ('ઇંગ્લીશ' વાળુ હોં) ડે, રોઝ ડે વગેરે જેવા સાત વેરાઇટીવાળા 'ડે'ઝ હેડ્યા આવે છે! વેલેન્ટાઈન ડેની આગળના આ બધા 'ફાલતુ' ડે એના માટે આવે છે કે તમે તમારી જાતને પૂછી શકો કે તમને પાકીટમાં રહેલા ગાંધીજી વધારે વ્હાલા છે કે પછી તમારુ પાર્સલ!

વેલેન્ટાઈન ડે ઉજવવા માટે મુખ્ય અને એકમાત્ર સામગ્રી એક પ્રેમી/પ્રેમિકા છે! આ દિવસે આ પ્રેમી પંખીડાઓ બાગ-બગીચાઓ, કેફે, રેસ્ટોરન્ટ, નદીકિનારે, દરિયાકિનારે, રસ્તા પર, ધાબા પર, ઢાબા પર ને જ્યાં જ્યાં જગ્યા મળે ત્યાં ત્યાં ફેલાયેલા જોવા મળે છે. આ લોકો અત્ર-તત્ર સર્વત્ર ફેલાઈ જઈને હાથમાં હાથ નાખીને પ્રેમભરી વાતો કરવા સિવાય 'ઇનડાયરેક્ટલિ' એક બીજું કામ પણ કરતા હોય છે. જે છે 'સિંગલ' લોકોનો જીવ બાળવાનું.!

સિંગલ લોકો લોકશાહી પ્રેમીઓ હોય છે! પોતે, પોતાને જ, પોતાના માટે પ્રેમ કરે છે. (એ વાત અલગ છે કે એ લોકો પાસે બીજો કોઇ ઓપ્શન નથી હોતો.) માણસના સિંગલ હોવા પાછળ કેટલાક કારણો હોય છે જેમાંનુ એક કારણ છે - સેલ્ફ રીજેક્શન. ઘણીવાર મોટા મંદિરમાં લાંબી લાઈન જોઈને તમે દૂરથી જ દર્શન કરીને પાછા આવી જાઓ છો ને.. હા બસ એ જ!



આ સિવાય કોન્ફિડન્સનો અભાવ, દિલના ભુક્કા બોલાઇ જવાની બીક, લાફો પડવાનો ડર જેવા નાના મોટા કારણો પણ તમારા સિંગલ હોવા પાછળ કારણભૂત હોય છે.

આ સિંગલ્સનું જરા આક્રમક વર્ઝન એટલે બજરંગ દળ! ખબર છે કોઈ પણ પિક્ચર શરૂ થાય એ પહેલા એક સુચના આવે છે - "ધુમ્રપાન ના કરે, ના કરને દે" બસ એને જ ભળતું કામકાજ બજરંગ દળનું છે. "પ્રેમ ના કરે, ના કરને દે" બજરંગ દળ એ બેઝિકલી 'એન્ટી રોમિયો સ્ક્વોડ' છે, જે ફક્ત ફેબ્રુઆરીમાં જ એક્ટિવેટ થાય છે.




બજરંગ દળમાં બે પ્રકારના લોકો જોડાય છે. એક તો 'અખંડ' સિંગલ - જે નાનપણથી જ સિંગલ હોય અને બીજા જે 'છુટક-છુટક' સિંગલ થયા કરે છે. જોકે બંને માંથી પેલા છુટક-છુટક સિંગલવાળામાં ગુસ્સો વધારે ભર્યો હોય છે. કારણ? એમની છેલ્લી ગર્લફ્રેન્ડોની વાહિયાત માંગણીઓના લીધે કરેલ દર્દનાક બ્રેકઅપ! રાતે અઢી વાગે ફોન કરીને કહે – "બાબુ કંઈક વાત કર ને, મને ઊંઘ નથ આવતી". પછી માણસ છેડો ફાડી જ નાખે ને! આ જ ગુસ્સો ક્યાંક કોઈકના માથામાં વેલેન્ટાઈન ડેના (અ)શુભ અવસર પર 'ઢીમડા' સ્વરૂપે બહાર નીકળે છે.

કળિયુગના કાળા માથાના માનવીનો ઈર્ષ્યાળુ સ્વભાવ આ બજરંગ દળના વર્ક થકી છતો થઈ જાય છે. સાલુ મને કોઈ ના મળ્યુ તો તુ શેનો જલસા કરે.! જેમ પરભુ શ્રીરામની વાનરસેના ના બજરંગો રાવણ લોકો પર તૂટી પડ્યા હતા, એમ જ આ બજરંગ દળના બજરંગો વેલેન્ટાઈન ડે પર કપલો પર રીતસરના તૂટી પડતાં જોવા મળે છે!




અચ્છા, બજરંગ દળમાં જોડાવા માટે તમારે કોઈ પેપર-બેપર નથી આપવાનુ હોતુ! '3 idiots' જોયુ છે ને? "બજરંગ દળ મેં જાને કે લિયે ક્વોલિફિકેશન નહી, યુનિફોર્મ લગતી હૈ યુનિફોર્મ!" ભગવો રંગ, હાથ માં લાકડી ને માથે તિલક લગાવો એટલે તમે બજરંગ દળના સભ્ય. એકાદ કપલ ને ખનકાવ્યા બાદ તમે બજરંગ દળના 'સક્રિય' સભ્ય. How simple is that! ખરું ને?

<u>દર્શવાણી</u>


**'જેટલી' અંકલ ની 'જેટલી' તાકાત હોય એટલી લગાવી દે, પણ વેલેન્ટાઈન ડેનો સીઝનેબલ ધંધો ખોલો તો એમાં મંદી તો ના જ આવે.**



# "ગુલાબ"

# વેંત-વાર્તા

- યાજ્ઞિક વઘાસિયા



રોજ તો એ ફૂલવાળા રાવજીકાકા સાંજે ધંધો કરીને આવે ત્યારે, પોતાની પાસે ગુલાબ વધ્યા હોય, એમાંથી એક ગુલાબ એમના પત્ની રમાકાકીના માથાના અંબોડામાં ટાંકી આપે. પણ.. પણ આજે તો વેલેન્ટાઈન-ડે હતો. આજે એમના બધા ગુલાબ વેચાઈ ગયા હતા. છતાંય કાકી ખુશ હતા. કેમ કે, એમના બધા ગુલાબ...





# લ્યો.. લખાઈ ગઈ કવિતા

- ભાવેશ ભટ્ટ

ન જોયું બેઉના ચહેરાએ એકબીજાની સામે
ઘટી છે આજ તો દુર્ઘટના દુર્ઘટનાની સામે

જઈ એને પૂછીએ, નામ એના બાળકોના
કોઈ તાકી રહ્યું છે ટ્રેનનાં પાટાની સામે

સજળ આંખે ઝડપથી નીકળ્યો છે ઘરડાંઘરથી
બહુ ખંધુ હસ્યો દરવાન એ દીકરાની સામે

જીવન સૂનું, કપાળે સૂનું, ને ઘર પણ છે સૂનું
હતું કેવળ ભરેલું ઘોડિયું વિધવાની સામે

ચલો ને કમસેકમ એ તો હસે છે સામસામે
જે દરવાજો રહે છે બીજા દરવાજાની સામે

શરમ બેમાંથી કોને આવવી જોઈએ, બોલો
જુએ ફાટેલી આંખોથી કોઈ થીગડાંની સામે

રોજીંદી છે ઘટના, ફગાવી દો નવાઈને
જોયા કરો પ્રત્યેક આંસુની ભવાઈને

એની ખુશી એણે જણાવી ચીસ ગાઈને
જોતા રહ્યાં સૌનાં દુ:ખો એને ડઘાઈને

ઘેરી વળ્યાં સૌ વૃદ્ધને ફોટો પડાવવા
જેવું કહ્યું 'જોયેલી છે મેં માણસાઈને'

આપ્યો છે એના હાથમાં એની જ દિકરીએ
ચોંટાડવાને ઢીંગલીનો પગ કસાઈને

એક જ દિલાસે આ રઝળપાટો કરું છું હું
એ સાચવે છે હર ઘડી મારી ચટાઈને

તારી કહેલી 'ના' બચાવી રાખી છે હજી
ક્યારેય વાપરતો નથી પ્હેલી કમાઈને



# વિચાર-વંટોળ

## તને...

- રાજુલા શાહ

...ક્યારેક તું મને વધારેને વધારે મિસ થયા કરે છે. તું જેટલો દુર હોય છે એનાથી બમણો મારી નજીક હોય એવું લાગે છે. હું હાથ ફેલાવું છું અને તું થામી લે છે. મારા કપાળે હળવું ચુંબન કરે છે. તારા શ્વાસની ગરમી આટલે દુરથી પણ અનુભવી શકું છું. જાણે તું મારી આસપાસ જ ધબકે છે. તને હું અનુભવી શકું છું મારી એકદમ નિકટ.. મારા શ્વાસનું કારણ તારું હોવાપણું જ છે શાયદ.! તું મારું સત્ય છે અને મારું અસ્તિત્વ પણ. પળે પળે શ્વાસમાં ગુંથાતી જતી વ્યથા છે તું. ખુશીથી બની જતી બેકાબુ ક્ષણો છે તું.

તને મનથી પામી લીધો છે મેં. ક્યારેક વિચારું છું કે આ કેવો સંબંધ છે આપણો? શરીરથી પર એવો અને મનથી જોડાયેલો. એકબીજાના વિચારોમાં પાંગરતો અને વાતચીતો પર બંધાતો. આને ક્યું સ્વરુપ કહી શકાય લાગણીનું? તારા અવાજમાં ડુબેલું મારું મન બધા જ બાહ્ય અવાજો ભુલી જાય છે. એકતાન થઈ જાય છે તારા શબ્દોમાં.



તારી કલ્પનામાં મને ખોવાઇ જવું ગમે છે. 'તું હોય તો આવું થતું હોત' થી લઈને 'આ જ ક્ષણે તું અહીં જ છે' સુધી પહોંચી ગયેલો એ વિચાર અને અનુભૂતિ. એમ લાગે છે કે જાણે સમય એક ક્ષણમાં આવીને થીજી ગયો છે. જિંદગી 'ફ્રીઝ' થઈ ગઈ છે તને મળીને. હ્રદયમાંથી ફાટી નીકળેલું બેકાબુ વહેતું આ લાગણીઓનું પુર ખરેખર કેવું છે? આ ચાહત કેવી છે? કઈ રીતે મનને અકળાવી નાખે છે લાગણીઓ? આંખો મીંચાય જાય અને તારા અસ્તિત્વ સાથે મારું અસ્તિત્વ એવું બંધાય જાય છે કે જાણે સમગ્ર બ્રહ્માંડના તત્વો એક જગ્યાએ આવીને સ્થિર થઈ ગયા હોય.! તું મારી અંદર જ ક્યાંક છે. હું તને શોધવા જાઉ તો ક્યાંયે તું મળે નહિ ને અંદર ડોકિયું કરુ તો વ્હેંત છેટો જડી આવે..



તારા સહવાસની ઝંખના કેવી છે? તું હોય અને ન હોય એ બે વચ્ચે જાણે આખી જિંદગી દળાતી હોય એવું લાગે છે. પળેપળનો

ઉશ્કેરાટ અને કાયમ તારી આસપાસ રહેતા મારા વિચારો, મારું મન બધુ જ તારા વ્યક્તિત્વની આસપાસ જ કેન્દ્રિત જાણે. તું દુરથી જ મને ભરપુર રડાવી શકે છે, પીગળાવી શકે છે, થીજાવી શકે છે, હસાવી શકે છે, મારા સ્ત્રીત્વને જગાવે છે. તું દુર રહીને પણ મારામાં એકાકાર થતો જાય છે.

હું વિચારું છું કે તું પાસે હોઇશ ત્યારની ક્ષણો કેવી હશે? ત્યારની લાગણીઓ કેવા સ્વરુપમાં પ્રગટશે? મનને મનથી જોડતું બંધન છે હજુ આ. જો એમા આટલું તાદમ્ય હોય તો આગળ કેવું હશે? પણ આગળ? તારા વિચારોના સાન્નિધ્યમાં હું નખશિખ મીણબતીની જેમ ઓગળતી જતી હોવ છું ને તું તારા પર ઝીલીને થીજાવી દે છે મને.



એક માન છે તારું મારા હ્રદયમાં. અનહદ સન્માન છે. તને જરા સરખી રીતે પણ દુ:ખ પહોંચાડી શક્તી નથી. તું મને યાદ કરીને એકલતા અનુભવે એમા મને તારી નજીક ન હોવાનું દુ:ખ થાય છે. તું દુ:ખી હો ત્યારે મારી કશું જ ન કરી શકવાની બેબસી મને જાણે અંદર સુધી ચીરી નાખે છે.

પણ.. પણ.. પણ..

આપણા ભવિષ્યનું એક સત્ય પણ છે. કડવું સત્ય..! આ સત્યનું પણ અજીબ હોય છે નહી? કાચની ધાર જેવું હોય છે સત્ય. એ જમીન પર પડેલું હોય તો પણ વાગી જવાનો ડર. તમે ચાલી પણ ન શકો. અને હાથમાં ઉપાડો તો ખુંચી જવાનો ડર. ટૂંકમાં ગમે તે રીતે તમને લોહીલુહાણ કરીને જ જંપે. અને પાછું આ સત્યને ઝાડુ લઈને વાળી પણ શકાતું નથી. સનાતન હોય તો જ સત્ય કહેવાય ને.! પણ એની કોઇ ફરિયાદ નથી મને.



હા, દુ:ખ જરુર છે. મેં સ્વીકારી છે આ પરિસ્થિતિને, આપણા સત્યને. મારો તારા પ્રત્યે જે પ્રેમ છે એ ક્યારેય, કોઇ દિવસ ઓછો નહીં થાય પણ હા સંબંધનુ સ્વરુપ ચોક્કસ બદલાય જવાનું એક દિવસ..! કોઇ અભિવ્યક્તિ નહીં રહે પણ મૌન એનું સન્માન જાળવશે. મને સ્વીકાર છે આ નિયતિનો. ને સાચું કહું તો સ્વિકાર શાંતિ આપે છે. સંજોગો સામે જીવી જવાની તાકાત આપે છે. બધુ જ અકબંધ રહેવાનું છે આપણા હ્રદયનાં કોઇ એક ખુણે. પણ એ દરવાજો એક દિવસ બંધ થઈ જશે. એક ખુણો એક ભુતકાળ બની જશે અને એ





ક્યારેય પણ વર્તમાનની સામે આવશે નહીં. બસ બે અંતિમ બિંદુઓ વચ્ચે આપણે જે જીવ્યા, જે કાઇ જીવશું એ મારે માટે મારી આખી જિંદગી બની જશે.

**હા, આપણે જીવી જઈશું ચુપચાપ,**

**બે સામ-સામે કિનારે ઉભેલા કોઇ અજાણ્યા પરિચિતની જેમ.!**



એટલે જ હું બહુ કશું નથી માંગતી જિંદગી પાસેથી. મને ખબર છે કે ક્યારે કઈ પળ છેલ્લી યાદ બનવાની હશે એ જાણવાનો મોકો પણ જિંદગી નહીં આપે.! પણ ત્યાં સુધી જેટલી ક્ષણો આપણે સાથે છીએ ત્યાં સુધી એને ભરપુર માણી લેવી છે. એટલી યાદોં ભેગી કરી લેવી છે કે બાકીની જિંદગી જીવવાનું એ કારણ બની જાય.

આથી જ હું એક સાંજ માંગુ છું હું જિંદગી પાસેથી. જેમાં હું અને તું બંન્ને સાથે બેસીને, ખભે માથું રાખીને, કોઇ એક દરિયાકિનારે, વરસતી સાંજે, ડુબતા સૂરજને જોતા હોઇએ. બસ નિ:શબ્દ બનીને, એકબીજાનો સહારો બનીને. જેમ સૂર્ય અને દરિયો સમાઈ જાઈ છે એકબીજામાં ક્ષિતિજ પર એમ આપણું પણ એક ક્ષિતિજ હોય; અગાધ દરિયો જેમ સૂરજનું તેજ પોતાનામાં સમાવી લે છે એમ જ બસ તું મને તારામાં સમાવી લે અને મને સંપૂર્ણ શાંતિ મળી જાય; સંપૂર્ણ સંતોષ વ્યાપી જાય રગેરગમાં. કદાચ એ જ તારી-મારી-આપણી પૂર્ણતાની ક્ષણ હશે. બસ આવી એક સાંજ માંગુ છું જિંદગી પાસેથી. ન એનાથી કશું વધુ કે ન એનાથી કશું ઓછુ!



# ઝિંદગી.com

## દ્રષ્ટિકોણ

- ઉમા પરમાર

સાંજની લાલિમા આભથી નીતરીને ધરતી પર ફેલાઈ રહી હતી.પંખીઓના ઝુંડ કલરવ કરતા કરતા ઝપાટાભેર પોતપોતાના માળા ભણી ઉડી રહ્યા હતા. કોઈ સનસેટ-પોઈન્ટને પણ શરમાવે એવો લાલઘૂમ સૂર્ય ક્ષિતિજમાં સમાઈ રહ્યો હતો. દ્રશ્ય એટલું આહલાદક હતું કે ઘરે પરત ફરનારા બે ઘડી વિચારમાં પડી જતા કે, “શું આ આપણું જ ઘોંઘાટીયું શહેર છે?”

રાહુલ પણ ઘરે જતા જતા બાઈક ચલાવતો વિચારમાં જ હતો. એ તો હજુ પણ માની નહોતો શકતો, જે આજે બન્યું તે.

ગંભીરતા,કઠોરતા અને ગુસ્સો આ ત્રણની જાડી ફ્રેમના ચશ્મા, હંમેશા મિસ પ્રિયા સંઘવીના ચહેરા પર ચઢેલા રહેતા. નામ ‘પ્રિયા’ પણ બધાને જ અપ્રિય એવા કોલેજના પ્રિન્સીપાલ. નવા તો ન કહી શકાય, કેમ કે એમને આવ્યાને લગભગ એક વર્ષ થવા આવ્યું, પણ આ બાર મહિનામાં ભાગ્યે જ કોઈએ એમને બાર વાર સ્માઈલ આપતા પણ જોયા હશે. ચાર્જ સંભાળ્યા પછી પહેલી જ મીટીંગમાં એમણે બધાને સપાટે લઇ લીધા ત્યારે દરેકે અગાઉના પ્રિન્સીપાલને દિલથી યાદ કર્યા હતા. એનું કારણ એટલું જ કે, એમણે કાર્યકાળમાં કદાચ જ કોઈ સાથે સખ્તાઈથી કામ લીધું હશે અને આ મેડમે કદાચ જ કોઈ સાથે નરમાશથી કામ લીધું હશે. દસ દિવસમાં તો બધાને ખબર પડી ગઈ કે હવે પહેલા જેવી મોજથી કામ થવાનું નથી.

સમયની પાબંદ અને કામમાં અતિ ચોકસાઈ રાખનારા પ્રિયા મેડમે બધા પાસેથી સખત રીતે કામ લેવા માંડ્યું. છ મહિના થતા તો દરેકને ખ્યાલ આવી ગયો કે હવે કામમાં ઈમ્પ્રુવમેન્ટ નહી હોય તો ચાલવાનું નથી. એમના આવા કઠોર વલણને લીધે તેમની પીઠ પાછળ બધા જાત જાતની વાતો કરતા, પણ એક વાત તો સારી જ થઇ હતી કે, આટલા ઓછા સમયમાં એમણે કોલેજનું રીઝલ્ટ સુધારી દીધું હતું. દેખાવે ઘણા સુંદર કહી શકાય એવા એમણે એમની બ્યુટીને સખતાઈના એવા માસ્ક નીચે સંતાડી દીધી હતી કે લોકોને ખબર નહોતી પડતી કે એ ખરેખર મિસ છે કે મિસિસ.

એવામાં છેલ્લા એક મહિનાથી એક યંગ એવા નવા પ્રોફેસર એપોઇન્ટ થયા હતા. મિસ્ટર રાહુલ જોષી. હેન્ડસમ, એકદમ મસ્ત મજાનો મિજાજ, હસમુખો સ્વભાવ અને લાજવાબ સેન્સ ઓફ હ્યુમર ધરાવતો રાહુલ થોડા દિવસોમાં તો બધાનો લાડકો પ્રોફેસર બની ગયો. કારણ કે બીજા બધા જ પ્રોફેસરો એનાથી મોટા અને અમુક તો રીટાયર થવાની તૈયારીમાં હતા. એણે પણ

આવતાની સાથે મેડમ વિષે સાંભળ્યું. તેથી એ પણ ક્યારેય ફોલ્ટમાં ન અવાય તેની તકેદારી રાખતો.

છતાં એક દિવસ એનાથી ભૂલથી જ વાઘની બોડમાં ઘૂસી જવાયું. પ્રિયા મેડમને ત્યાં સાંજના છ પછી કોઈને પણ એન્ટર થવાની સખ્ત મનાઈ હતી.વળી, એને મેડમને ત્યાં જતાં સ્ટાફનું કોઈ જોઈ ગયું. આ તો આજના 'બ્રેકીંગ ન્યુઝ' કહેવાય, એટલે દરેક ચેનલ પર આવી ગયા! બધાને મેડમની ખબર હતી એટલે સ્વાભાવિક જ રાહુલની ચિંતા થઇ. વારાફરતી એના પર બધાના કોલ આવવા લાગ્યા.પણ, લો બેટરીના લીધે એનો મોબાઈલ બંધ થઇ ગયો હતો જેથી કોઈ સાથે વાત થઇ નહી. બધાને રાહુલના જીવનમાં 'ત્સુનામી'એ કેવી તારાજી સર્જી હશે તે જાણવાની તાલાવેલી થઇ.

બીજે દિવસે રાહુલ ગેરહાજર હતો. એ પછીના દિવસે સવારે એ આવ્યો, ત્યારે કોલેજનો સ્ટાફરૂમ ફુલ હતો અને બધા રાહુલની ફરતે ગોઠવાઈ ગયા હતા, એની વાત જાણવા માટે. પણ, રાહુલે જે કીધું તેના પર કોઈને વિશ્વાસ નહોતો બેસતો. સૌના વડીલ એવા જયેશ સરે અને મીનાબહેને તો ત્રણ વાર ફરીફરીને પૂછી જોયું. પણ રાહુલનો એક જ જવાબ હતો કે, "સાચું કહું છું. હું મેડમના ઘરે અર્જન્ટ રજા જોઈતી હતી તે લેવા ગયો હતો."

રાહુલના મમ્મી-પપ્પા ગામ રહેતા હતા અને અચાનક એના મમ્મીની તબિયત ઘણી ખરાબ થઇ ગઈ હોવાથી એને તરત જ જવું પડે એમ હતું. મેડમને કોલ કરવા કરતાં આ વાત



જાતે જઈને કહેવાનું એને યોગ્ય લાગ્યું તેથી એ ફોન ન કરતાં એમના ઘરે પહોચી ગયો. પહેલા તો પ્રિયા મેડમે મોઢું બગાડયું, પણ એણે જે રીતે વાત રજૂ કરી તે સાંભળી મેડમ કઈ ન બોલ્યા અને રજા મંજુર કરી.

બધાને એમ હતું કે પ્રિયા મેડમના કઠોરતાના કિલ્લાને કોઈ પાર કરી શકે એમ નથી, પણ આજે રાહુલે આ કિલ્લાની કાંકરી ખેરવી દીધી હતી. ને એટલે જ બધાને કુતૂહલ થયું. ખેર! થોડો સમય થયો ત્યાં ફરી એવી ઘટના બની કે આ વખતે તો રાહુલ મેડમના પ્રકોપથી બચી શકે એવી કોઈ શક્યતા જ નહોતી. અને છતાં, હા છતાં આ વખતે પણ વાવાઝોડું કિનારેથી જ પસાર થઇ ગયું, કોઈ પણ જાતની હાનિ કર્યા વગર. ધીમે ધીમે સમય વીતતા, લોકોની સાથે રાહુલને પણ એવું લાગવા માંડયું કે, ના, ખરેખર મેડમ એના પ્રત્યે કૂણી લાગણી રાખે છે. હવે તો ક્યારેક પ્રિયા મેડમ હસી પણ લેતા, થોડા સ્ટાફ પ્રત્યે પણ નરમ થયા હોય એવું બધાને ફીલ થવા માંડયું. ચિનગારીને તો હવાની જ જરૂર હોય છે. વર્તનમાં પરિવર્તનની નોંધ દરેકે લીધી. તેમાં બધા એમની પીઠ પાછળ વાતો કરવા લાગ્યા હતા. એને હવે


થોડી ચિંતા પણ થતી હતી કે, એ મેડમને વાત કરે તો કેવી રીતે કરે? રાહુલ પોતે પણ એમના વર્તનથી થોડો કન્ફયુઝ હતો.

એ વિચારમાં સ્ટાફરૂમમાં બેઠો જ હતો ને જયેશભાઈ આવ્યા. “રાહુલ, ભાઈ તારી તો લોટરી જ લાગી ગઈ છે ને! તે એવો તો કેવો જાદુ કર્યો કે, પેલી પ્રિયાનો તું પ્રિય થઇ ગયો?”

“હા રાહુલ, તારે થોડી ટીપ્સ તો આપવી જ જોઈએ કે તારી જેમ બધા જ એને પ્રિય લાગવા માંડે.” મીનાબહેન બોલ્યા.

ને પછી તો વારાફરતી બધાએ જ રાહુલની ફીરકી લેવા માંડી. ઠઠ્ઠામશ્કરીથી છલકાતા રૂમના બારણે ઉભેલા પ્રિયા મેડમ તરફ કોઈનું ધ્યાન જ ન ગયું. અચાનક રાહુલ એમને જોઇને ઉભો થઇ ગયો. રૂમમાં ‘પીન ડ્રોપ’ સાઈલન્સ છવાઈ ગયું. પ્રિયા મેડમ એ લોકો તરફ આગળ વધ્યા. આજે ઘણા દિવસે લોકોએ એમનો એ અગાઉનો અસલી ચહેરો ફરી જોયો. ક્રોધથી તપી રહેલો ચહેરો અને આંખમાં તગતગી રહેલા આંસુ.

“તમારા જેવા લોકો ક્યારેય સભ્ય સમાજ ન બનાવી શકે. સ્ત્રી અને પુરુષના સંબંધોને એક જ દ્રષ્ટિથી જોવાની લોકોને ટેવ પડી છે અને તેમાંથી





ખૂબ ભણેલા અને કહેવાતા મોર્ડન લોકો પણ બાકાત નથી. આજથી દોઢ વર્ષ પહેલાં, મેં મારા નાના ભાઈને ગુમાવી દીધો. એ દિવસ પછી હું કે મારું ફેમીલી ક્યારેય એને ગુમાવ્યાના દુઃખમાંથી બહાર ન આવી શક્યા. રેગીંગ જેવા ભયાનક દૂષણે મારા નાના નિર્દોષ ભાઈનો જીવ લીધો. હું એટલે જ આટલી કડક રહી છું જેથી આ વસ્તુના લીધે કોઈ અન્ય યુવાને જીવ ન ખોવો પડે. રાહુલમાં મારા નાના ભાઈની છબી હું જોતી હતી અને મારા માબાપ પણ એને મળીને ખુશ થાય એટલે કાલે સાંજે જ મેં એમને પણ ગામથી બોલાવી લીધા. હું એ જ વાત રાહુલને કહેવા આવી હતી. પણ મને લાગે છે કે, તમે લોકો આવા પવિત્ર રીલેશનને સમજો એટલા સમજદાર નથી. અફસોસ છે મને કે મેં ફરી પહેલાંની જેમ જીવન જીવવાનો નિર્ધાર કર્યો હતો. હું ભૂલી ગઈ કે, ‘દ્રષ્ટિ’ મારી બદલાઈ છે, સમાજનો ‘દ્રષ્ટિકોણ’ નહી.”

સ્ટાફ પ્રિયા મેડમને પીઠ ફેરવી જતા તાકી રહ્યો.




# 'સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ' ગંભીરતા અને આંકડાની અવળચંડાઈ

## પેરિસ્કોપ

- યાજ્ઞિક વઘાસિયા

ધારો કે, તમારાથી એકાદ વર્ષ નાની એક કઝીન સિસ્ટર છે, જેની સાથે તમારે સારું બને છે. તમે એની સાથે બધું શેર કરી શકો છો અને એ પણ તમને કંઈ કહેતા અચકાતી નથી. તમે બન્ને કઝીન્સ કમ અને બેસ્ટ ફ્રેન્ડ વધારે છુઓ. એ જયારે એના એક બીજા ફેમિલી રીલેટીવ્સને ત્યાં વેકેશનમાં થોડા દિવસ ગઈ હતી (કે જેને તમે ઓળખતા નથી), ત્યારે એ રીલેટીવને ત્યાં એમનો બીજો એક રીલેટીવ છોકરો પણ ત્યાં વેકેશનમાં આવ્યો હોય છે, કે જે તમારી આ કઝીન કરતા છ-સાત વર્ષ મોટો છે. હવે રાતે બધા એક હોલમાં સુઈ જાય છે, ત્યારે પેલો અવાજ ના થાય એ રીતે ઉભો થઈને તમારી કઝીનને હોઠ પર એક 'કિસ' કરે છે અને પાછો સુઈ જાય છે. પેલીની ઊંઘ ઉડી જાય છે અને એ એને જતા જુએ છે. પણ કોઈને કહી નથી શકતી. બીજા દિવસે આ ઘટના 'રીપીટ' થાય છે. છતાં પણ પેલી કંઈ કરી નથી શકતી, કોઈને કંઈ કહી નથી શકતી. એક દિવસ એ આવીને તમને આ આખી વાત કરે છે અને તમે એને એવી સલાહ આપો છો કે, આમાં હવે કંઈ થઇ શકે એમ નથી. હવેથી એ રીલેટીવને ત્યાં જતી નહી."

આઈ નો, આ મારી ભૂલ છે. 'આમાં હવે કંઈ થઇ શકે એમ નથી' – એ એપ્રોચ ખોટો છે. પણ ત્યારે




એ એપ્રોચ સાચો હતો. કેમ કે, ત્યારે હું ચૌદ વર્ષનો અને મારી એ કઝીન તેર વર્ષની હતી. ત્યારે મને બીજું કંઈ સુજ્યું નહી, એટલે મેં એને આવો જવાબ આપેલો. અત્યારે એવડી કોઈ છોકરી મારી પાસે આવો કિસ્સો લઇને આવે તો, મારો અપ્રોચ અલગ હોય, સો ટકા અલગ હોય. એવું કરનારને હું એમ ને એમ તો ના જ જવા દઈ શકું.

હવે આ આખો મુદ્દો 'સેક્સ્યુઅલ અબ્યુઝ'નો છે. ને આ બહુ ગંભીર મુદ્દો છે. 'રેપ' એ આનો જ એક પેટાપ્રકાર છે, પણ ફક્ત 'રેપ' જ વિક્ટિમને ફિઝીકલી અને મેન્ટલી નુકશાનકારક છે, એવું સહેજ પણ નથી. તમે જ્યાં-જ્યાં નજર ફેરવો ત્યાં તમને 'સેક્સ્યુઅલ અબ્યુઝ' કોઈ પણ પ્રકારે જોવા મળે. પણ 'દેખીતું' નુકશાન બળાત્કારના કિસ્સામાં વધુ હોવાથી, આપણે સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટના અન્ય પ્રકારોને અનદેખા કરી દઈએ છીએ. એ વાત નોંધ કરવા જેવી જ છે કે, રેપને પણ 'સેક્સ્યુઅલ અબ્યુઝ'ના હેડિંગ નીચે જ વર્ણવવામાં આવે છે, કેમ કે,

સરવાળે, બધું એકસરખું જ નુકશાનકારક છે.

સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ ઘણી રીતે થઇ શકે છે. 'અબ્યુઝમેન્ટ' એટલે ઈચ્છા વિરુદ્ધનું ખરાબ કૃત્ય. આ 'કૃત્ય' ઘણા પ્રકારનું હોઈ શકે, ને કોઈ પણ ઉંમરની વ્યક્તિઓમાં થઇ શકે. નાના બાળકથી એને 'ચાઈલ્ડ સેક્સ્યુઅલ અબ્યુઝ' તરીકે ઓળખવામાં આવે છે, અને એ મોટી ઉંમરની વ્યક્તિઓ કરતા વધુ ખતરનાક છે, શું શું થઇ શકે સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટના નામ પર. બાળકોના કપડા ઉતારી એની સાથે 'સેક્સ' કરવું, એમને પરાણે પોતાના જનનાંગો બતાવવા અને એમના જનનાંગો સાથે અડપલા કરવા, એમને પરાણે 'પોર્ન' ફિલ્મો બતાવવી અથવા પોર્નોગ્રાફી માટે એનો યુઝ કરવો અથવા કોઈ પણ જાતની સેક્સ્યુઅલ એક્ટીવીટીમાં એનો યુઝ કરવો.



પહેલી ગલતફેમી આ વિષયમાં (અને અન્ય વિષયોમાં પણ) એ છે કે, લોકો એવું માને છે કે, ખાલી સ્ત્રીઓ જ  બાપડી-બિચારી છે. ના, એવું નથી. સ્ત્રીઓને જે-જે સમસ્યાઓ સામે ઝઝૂમવું પડે છે, એ સામે પુરુષ-વર્ગને પણ ઝઝૂમવું જ પડે છે. ફર્ક ખાલી એના સાપેક્ષ પ્રમાણનો છે. પુરુષો અને સ્ત્રીઓ બન્નેને સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટનો શિકાર થવું જ પડે છે. 'રેપ' પણ ખાલી સ્ત્રીઓનો જ થાય છે, એવું પણ નથી.




બાળકો સિવાયના અસરગ્રસ્તોમાં મંદ બુદ્ધિના લોકો, અમુક શારીરિક ખોડખાંપણવાળા લોકો અથવા વૃધ્ધોમાં પણ સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ વધુ જોવા મળે છે. કેમ કે, એમની પાસે પ્રતિકાર કરવાની ક્ષમતા કે તૈયારી નથી હોતી. ઘરમાં પણ સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટનો શિકાર સ્ત્રીઓ થઇ શકે, જેને અલગથી 'ડોમેસ્ટિક વાયોલન્સ' હેડિંગ નીચે વર્ણવવામાં આવે છે. આ એક ખૂબ જ લાંબો ટોપિક છે. એ પછી ક્યારેક. અત્યારે આપણે ખાલી 'ચાઈલ્ડ સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ' વિષયે જ ચર્ચા કરીશું.

સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ બાળકો (છોકરો કે છોકરી)માં વધુ ખતરનાક હોવાનું રીઝન જ એ છે કે, બાળકો કાચી માટીના ઘડા છે. નાનપણથી જે ઘાવ દિલમાં ઘર કરીને બેસી જાય છે, એ ક્યારેય જતા નથી. તેઓ સાથે એ સમયે શું થઇ રહ્યું છે, એ તેઓ સમજી શકતા જ નથી, જે પણ કંઈ સમજે છે, એ તેઓ શરમ કે ડરને લીધે ખુલીને કહી શકતા નથી અને કહી શકે છે, તો કોઈ વાતને સીરીયસલી લેતા નથી. શક્ય છે, તમને એના લીધે આગળ જતા એને થવાવાળી શારીરિક અને ખાસ કરીને માનસિક સમસ્યાઓનો અંદાજ ના હોય.




કઈ કઈ જગ્યાએ થાય છે આ સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ, ખબર છે? તમે તમારા બાળકને નાનપણથી હોસ્ટેલમાં મુક્યો છે? ત્યાં એની સાથે શું થાય છે, એ ખબર છે? તમને વિશ્વાસ છે કે, જે જગ્યાએ તમે એને મુક્યો છે, એ એકદમ 'વિશ્વાસ' કરવા જેવી જ જગ્યા છે? હોસ્ટેલમાં નથી મુક્યો? કોઈ રીલેટીવના ઘરે મુક્યો છે? અથવા ક્યાંય 'પર્સનલ' ટ્યુશનમાં જાય છે? કોઈ રીલેટીવનો (થોડો મોટો) છોકરો કે છોકરી તમારા ઘરે રહીને ભણે છે અથવા સેટલ થવા માટે તમારા ઘરમાં આશરો લીધો છે? તમારા બાળકના બેસ્ટ ફ્રેન્ડના ઘરે તમારું બાળક વારેવારે જાય છે, એના મમ્મી-પપ્પા કે મોટા ભાઈ-બહેન પર તમને પૂરો વિશ્વાસ છે? તમારા બાળકને સ્કૂલે મુકવા માટે કોઈ 'વેન' જાય છે?





સ્કૂલનાં ટીચર પણ 'એક્સ્ટ્રા' લેક્ચરના નામ પર ખાલી ભણાવે જ છે ને? તમે બહારગામ જાવ, ત્યારે તમારા બાળકની સ્કૂલમાં રજા ના પડે, એની તકેદારી માટે તમે એને કોઈ પાડોશી કે રીલેટીવના ઘરે એમના ભરોસે મૂકી નથી જતા? એ કેવાક માણસ છે? સારા છે? તમને બધા પર બહુ વિશ્વાસ છે? જો છે, તો કાઢી નાખજો.





૨૦૧૦માં ડેવિડ ફીન્કેલહર (ડાઈરેક્ટર, ક્રાઈમ અગેઈન્સ્ટ ચિલ્ડ્રન રીસર્ચ સેન્ટર) એ કરેલા એક સર્વે મુજબ ૧૮ વર્ષ સુધીમાં ૫ છોકરીઓમાંથી ૧ છોકરી અને ૨૦ છોકરામાંથી ૧ છોકરો ફીઝીકલ સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટનો શિકાર બને છે. ને આ તો ખાલી 'દેખીતો' આંકડો છે. કેમ કે, આ કિસ્સામાં પૂરું રીપોર્ટીંગ શક્ય જ નથી. આનો સીધો અર્થ એ છે કે, અત્ર તત્ર સર્વત્ર શિકારીઓ છે.

વિચાર કરો, તમે તમારા સંતાનોને કેવા સમાજની અંદર ખુલ્લા મુકો છો? તમે કોઈના માબાપ છુઓ? તમારા સંતાને ક્યારેય એવું ખુલીને તમારી સામે કબૂલ્યું કે એની સાથે આવું કંઇક થઈ ગયું એમ? તમે એની વાત ગંભીરતાથી સાંભળેલી? તમે એ વાતની ગંભીરતા સમજેલી?

તમારામાં એટલી તૈયારી છે કે, તમારું સંતાન કે કોઈ પણ બાળક આવી વાત લઈને આવે તો, તમે એનો ડર દૂર કરી શકો? (કેમ કે, આવું ભોગ બનનાર બાળક લગભગ વધુમાં વધુ ફક્ત એકવાર જ તમારી પાસે ફરિયાદ લઈને આવશે.) તમારામાં એટલી આવડત છે કે, તમારું બાળક તમને ડર્યા વગર આવી વાત કરી શકે, એવું વાતાવરણ તમે ઘરે ઉભું કરી શકો?





યાદ રાખજો કે, સંતાનોને ભૌતિક સુખસુવિદ્યા આપવી સહેલી છે. એ માંગે, એ વસ્તુ ભલે હાજર કરી દેતા હોઉં, પણ જ્યારે ખરેખર મેન્ટલી સપોર્ટ આપવાની વાત આવે છે, ત્યારે ક્યાંકને ક્યાંક આપણે એક માબાપ કે વડીલ તરીકે ટૂંકા પડીએ છીએ. બાળકોને એક પ્રકારની ટ્રેઈનીંગ આપો, 'કઈ' જગ્યાએ કોઈ 'ટચ' કરે તો એ ખરાબ કહેવાય, અને 'કેવી' પરિસ્થિતિમાં ડર્યા વગર જાણ કરવી. હું તો ત્યાં સુધી કહું છું કે અગાઉથી જ તમારા ફેમીલીમાંના 'સસ્પેક્ટેડ' મેમ્બર્સનું લીસ્ટ બનાવી નાખો. જેના ઈરાદા 'નેક' ના લાગતા હોય, એવાને આપણા બાળકની નજીક ફરકવા જ નહી દેવાના. જો કે, જેના ઈરાદા 'નેક' લાગતા હોય, એ પણ હંમેશા 'નેક' નથી હોતા. ને આમેય... અગાઉ કહ્યું એમ, સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ ક્યારેક બાળકના સગા બાપ દ્વારા પણ થાય છે. આથી ALWAYS BE AWARE.




**PACK UP**

**અમારા 'ફોરેન્સિક મેડીસીન' વિષયના 'હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ (HOD), (કે જે અત્યારે રિટાયર થઇ ગયા છે), તેઓ 'સેક્સ્યુઅલ અબ્યુઝમેન્ટ' વિશેના લેક્ચર્સ દરમિયાન છોકરીઓને એવું કહેતા કે, "કોઈ પર વિશ્વાસ કરવાનો જ નહી. કોઈ પણ પ્રોફેસરની કેબીનમાં જર્નલ સાઈન કરાવવાની હોય કે કંઈ પણ કામ હોય તો પણ એકલી છોકરીએ ક્યારેય જવું જ નહી." એ તો એ હદ સુધી કહેતા કે, "મારી કેબીનમાં પણ મીનીમમ બે છોકરીઓએ જ આવવું. મારા પર પણ વિશ્વાસ ના કરવો."**



# અસ્પર્શ્ય

- મીરા જોશી

કેટલો વિશ્વાસ ઓઢી બેસવાનું હોય છે,
પ્રેમમાં તો શ્વાસ ઓઢી બેસવાનું હોય છે!
- હેમાંગ જોશી

ડીયર ડાયરી,

આજે તને ડીયર કહેવાનું કેમ મન થયું! પ્રેમનો દિવસ આવી રહ્યો છે કદાચ એટલે? કેવો વિરોધાભાસ કહેવાય નહીં! કોઈ આપણા ખુબ વ્હાલું હોય, હૃદયની તદ્દન નજીક હોય, અને છતાં એની પ્રતીતિ ત્યારે જ થાય જયારે કોઈ એક સુરજ સ્વયં 'પ્રેમનો દિવસ' બનીને ઉગી આવે!

આ સમયની બહાર- ઓફીસના દંભી બિલ્ડીગોમાં, ઘરની વાસી દીવાલોમાં, નકલી ફૂલોની શોભામાં, સોશિયલ મીડિયાના કાચા સંબંધોમાં, રોશનીની ઝાકઝમાળમાં, જે છે એ જિંદગી નથી.. એ તો સહુના ભાગે આવેલા સમયના ટૂકડાઓ છે. જિંદગી તો ત્યાં છે, જ્યાં હું ધબકી શકું, મારી અંદર જિંદગી માટેનો અબોલ પ્રેમ ધબકી શકે, જિદંગીના શોરમાં જયારે હૃદયને વાચા ફૂટે એ સાચી જિંદગી છે!

ખેર, એક મિત્રના આર્ટ શોમાંથી ચિત્ર ખરીદ્યું હતું. ગામના કાચા રસ્તાની કિનારીઓ પર ઉંધી પીઠે ચાલતી જતી પનિહારીઓ, આસપાસ લીલી હરિયાળીઓ, સવારનો સોનેરી સૂર્ય, અને ઝાકળમાં પોઢેલું સફેદ આકાશ. દિવાનખંડમાં ચિત્ર મૂક્યું અને આખો દિવસ આંખો એમાં જ મંડાયેલી રહી, જાણે ખુદને એ દ્રશ્યમાં ઝીલવા મથતી હોઉં.

પછી એક સવારે.. એક સપનું જગાડી ગયું, જન્મદાતાના મૃત્યુનો પડઘો પાડીને! આંખો સપનામાં પણ રડી પડી. ગાલને જયારે એ ભીનાશનો પરિચય થયો તો, ખબર પડી કે સવાર પડી ગઈ હતી. વહેલી સવારે આવતા સપનાઓ સાચા પડતાં હોય છે એવી ભીતિમાં અગાસી પર દોડી ગઈ. સવાર જાણે કે મને જ સાદ આપતી હતી. ઝાકળમાં આળસ મરડતું આકાશ, સોનેરી સૂર્ય, અને સામે દેખાતા આસોપાલવના વૃક્ષ!



ઘરની એક દીવાલ પર ફ્રેમમાં મઢાયેલું એક દ્રશ્ય કેટલી સહજતાથી મારી આંખો સામે જ ઉભું હતું.. કોઈપણ પ્રકારના ઉહાપોહ વિના, દ્રશ્યના જોવા-વેચાવાની પળોજણ વિના, રોજ સવારે એ મારા માટે ઉગતું અને આથમતું હતું.. મારા જ ઘરના આંગણે! ને પેલી પનિહારી એ ક્યાં? ક્યાંક એ જન્મદાતા જ,

એ સપનું..!

એ એક ચિત્ર, મૃત્યુનું સપનું અને એ જ ચિત્રનું પ્રત્યક્ષ થવું.. જાણે એક જ પળમાં જીવનને કોઈએ સ્ટેચ્યુ કહી દીધું! મન-શરીરની બધી જ ગ્રંથીઓ સ્થિર થઈ ગઈ અને એક જ સત્ય આખા અસ્તિત્વમાં ધબકવા લાગ્યું- લાગણીઓ ઉભરવા લાગી, હું પ્રેમ કરું છું, મારી જન્મદાતાને, જેને મેં ક્યારેય આ સત્ય કહ્યું જ નથી! કારણ કે એ તો મારી સમીપ જ હતી, મારી પથારીની બાજુમાં, રોજ સવારે આંખ ખૂલે અને રસોડામાં દેખાતી, ઘર બહાર જઈએ ને ‘જમી લેજે’ ના રૂટીન શબ્દો કાને નાખતી, પોતાના શરીર પર ના સજેલા કપડાઓને અમારા શરીર પર જોઈને રાજી થતી, પોતાના આકાશમાં ના જોયેલા ખુશીઓના તારાઓને અમારા આકાશમાં જોઈને મનોમન ખુશ થતી, જેના ‘ના’ હોવાનો વિચાર જ હાસ્યપ્રદ લાગતો.. એ જ સહુથી નજીકની વ્યક્તિ જેને ‘હું પ્રેમ કરું છું, કે આઈ લવ યુ મા..’ એવું મેં, તમે આપણે કદી કહી નથી શક્યા કે કહેવાની જરૂર જ નથી લાગતી! એનું એક દિવસ આમ અચાનક ચાલ્યા જવું!?



લતા હિરાણી એ કરેલ એક અંગ્રેજી કવિતાનું અનુવાદ ખુબ પ્રચલિત છે.. ‘હું મૃત્યુ પામીશ તો તું મારી કબર પર ફૂલો ચઢાવીશ..’ આ ‘તો’ માં જ આપણે બાકીની ફોર્માલીટી પૂરી કરી દઈએ છીએ ને.. કોઈ મૃત્યુ પામે તો આપણે એમનું સમ્માન કરી શકીએ, એમની તસ્વીર આગળ જઈને રડી શકીએ છીએ, આંખોમાં એમનો ભીનો ચહેરો લઈને આકાશ તરફ જોઈ ‘હું તને મિસ કરું છું..’ કહી શકીએ છીએ. શું માત્ર ત્યારે જ જો એ ‘ના’ હોય!



રોજ એક ખરેલા દિવસમાંથી નવી સવાર ઉગે છે.. વ્યક્તિ ધીરે ધીરે ઘરડો બની નામશેષ થતો જાય છે, પાછળ શું બચે છે? માત્ર થોડીક જીવેલી યાદોમાં સચવાયેલી ક્ષણો! ને છતાં આપણે પ્રેમ આપવાથી જ ભાગીએ છીએ!

જિંદગી જયારે પ્રેમ છીનવી લેને ત્યારે બદલામાં ઘણું આપે, મને પણ આપ્યું, દર્દ આપ્યું, શબ્દ આપ્યો, સંવેદના આપી ને હાથમાં કલમ.. ઘર ભરાતું ગયું, ને હૃદય ખાલી થતું ગયું. પ્રેમમાં પાંગરેલી અવ્યક્ત, અપ્રગટ સંવેદના શબ્દ બની કાગળ પર અવતરી.. કંઇક સર્જાયું, ખાલીપામાંથી ફૂલ ઉગ્યું જેનું નામ તું જ!

વેલેન્ટાઈન નામના સંતે તો પ્રેમ આપવાનો માર્ગ બતાવ્યો પણ આપણને પ્રેમ માગવાનું એક બહાનું મળી ગયું!



# તમને મળ્યાનું યાદ


- રાજુલ ભાનુશાલી

'તમને મળ્યાનું યાદ'માંઆજે મળીએ કચ્છના યુવા કવયિત્રી શબનમ ખોજાની ગઝલ સુંદરીને. શબનમ પણ આપણને ફેસબુકના માધ્યમથી મળેલા કવયિત્રી છે.

આવો તો સંવાદ રચીશું સપનામાં
ઊંઘ અમે રાખી છે નહિતર અથવામાં.
ધીમે ધીમે એની આદત થઈ ગઈ છે
વર્ષોથી છું ખાલીપાના કબજામાં.
લોકો વચ્ચે જલદી વહેતાં કરવા'તા,
તેથી સત્યો ફરતાં કીધાં અફવામાં.
કુંપળ ફૂટું ફૂટું થાતી જોઈને
પીળા પાને વાર ન કીધી ખરવામાં.
સહેલો ક્યાં છે સતરંગી દુનિયાનો ત્યાગ?
કંઈક તો આકર્ષણ હોવાનું ભગવામાં.
એની સામે કાયમ સાચું રહેવું છે
દુનિયા સામે છોને દંભી પડદામાં.
તેથી અમને લગની લાગી ગઝલોની
આપ રહ્યા છો હરદમ એના મત્લામાં.
~ શબનમ ખોજા

"આવો તો સંવાદ રચીશું સપનામાં
ઊંઘ અમે રાખી છે નહિતર અથવામાં."

જીવન નાની નાની પ્રામાણિકતાઓથી રળિયાત બનતું હોય. 'સહજતા' આવી જ એક નાનકડી પ્રામાણિકતા છે. એ માણસને સઘળી પરિસ્થિતિમાં તટસ્થ અને નિશ્ચલ રાખે છે. એની સૌથી મોટી પ્રાપ્તિ એ કે એમાં પ્રતિસાદ નથી હોતો! સાક્ષીભાવ એનો કાયમી ગુણધર્મ છે એટલે પરિણામનો સ્વીકાર કરવો સરળ થઈ જાય છે. શેરમાં આ જ સહજતાની વાત છે. કવયિત્રી કહે છે આવો 'તો'.. એટલે કે ન આવો તોય વાંધો નહીં. અમે તમારા નિર્ણયનો આદર કરીએ છીએ. પણ, આવો તો સંવાદિતા સધાશે. વળી પ્રસ્તાવ પણ સપનામાં આવવાનો અપાયો છે. અમુક સંવેદનો અંગત હોય છે. જાહેરમાં એને



આવકારી કે સ્વીકારી શકાતાં નથી. આ વળી બીજા પ્રકારની પ્રામાણિકતા થઈ. જો કે સપનામાં આવવા માટે પણ આજીજી કે હઠાગ્રહ નથી! કવયિત્રી કહે છે કે આવો તો સંવાદ ચોક્કસ રચીશું, અને ન આવો તો અમે અથવામાં (ઓપશનમાં) ઉંઘ રાખી જ છે. તમે નહીં આવો તોય અમે દુ:ખી નહીં થઈએ, ઉજાગરા નહીં કરીએ. બસ ઉંઘી જઈશું! વાહ ખુમારી..

**"ધીમે ધીમે એની આદત થઈ ગઈ છે
વર્ષોથી છું ખાલીપાના કબજામાં."**

જીવનને બદલવાની જરૂર નથી, જરૂર છે ફક્ત અભિગમ બદલવાની. કાચની કચ્ચરો ભેગી કરવાથી શું વળે? એમાં પ્રતિબિંબ પણ ક્ષતવિક્ષત જ દેખાવાનું. એટલે એ મોહ જતો કરવામાં જ શાણપણ છે. કવિશ્રી અનિલ ચાવડાનો શેર યાદ આવે છે.

*"ભાઈ ખાલીપા ! હજીયે કોઈ પણ આવ્યું નહીં,
તું જ ઘરની બ્હાર જઈને બારણું ખખડાવને."*

ખાલીપાનો કેવો સરસ ઉપાય વિચાર્યો! આમ ખાલીપા સાથે વાતચીતનો તંતુ ત્યારે સધાય જ્યારે એની સાથે દોસ્તી થઈ જાય. સમય જતાં એ આદત બની જાય, આદત સ્વભાવ બની જાય અને ત્યારે એકાકીપણું કનડવાનું છોડી દે.



**"લોકો વચ્ચે જલદી વહેતાં કરવા'તા,
તેથી સત્યો ફરતાં કીધાં અફવામાં."**

શબ્દોના ઢગલા વચ્ચેથી કવિતા અવતરે એ કંઈ નાનીસૂની ઘટના નથી..

જે વસ્તુ જેવી હોય તેવી જાણવી એનું નામ 'સત્યજ્ઞાન' છે. પરંતુ સત્યો અને એમાંય અમુક સત્યો પ્રત્યે લોકોનું વલણ ઓરમાયું હોય



છે. સત્ય ક્યાંક પહોંચવા જોડા પહેરીને તૈયાર થાય એટલી વારમાં તો અસત્ય અડધા જગતમાં ફરી વળે અને આ અફવાની જાતને તો વળી જોડાય પહેરવાની જરૂર નહીં. એ સીધી ઉડે હવામાં. એની એ જ લાક્ષણિકતાનો સકારાત્મક લાભ લેવાની વાત છે. કડવા વખ જેવા સત્યો જે એમ સરળતાથી લોકોને ગળે ન ઉતરત એ અફવાઓમાં વહેતા કરીને લોકો સુધી પહોંચાડવાનો ઉપાય ખોળ્યો છે. કડવી વાસ્તવિકતા પર કસાયેલો વ્યંગ શેરમાં ચમત્કૃતિ સર્જે છે.

**"કુંપળ ફૂટું ફૂટું થાતી જોઈને
પીળા પાને વાર ન કીધી ખરવામાં."**

શીરાની જેમ ગળે ઉતરી જાય એવી વાત. જો કે 'સરળતા' પણ સરળતાથી આણવી સરળ નથી. જો લક્ષણાત્મક કે વ્યંજનાત્મક એવો કશો અર્થ ઉપજતો ન હોય ત્યારે શેર સપાટ બયાની થઈ જાય. અહીં કુંપળ અને પીળા પાનને માધ્યમ બનાવીને કવયિત્રીએ ગંભીર સંકેત આપ્યાં છે. પરિવર્તનશીલતા સંસારનું સનાતન સત્ય છે. જુનું નાશ પામે, નવું અવતરે અને સંસારચક્ર ચાલતું રહે.

**"સહેલો ક્યાં છે સતરંગી દુનિયાનો ત્યાગ?**
**કંઈક તો આકર્ષણ હોવાનું ભગવામાં."**

જવાહર બક્ષી કહે છે કે ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો! ગુલાલ ઘાટું થાય ત્યારે એ ક્રમશઃ પોતાનો મૂળ રંગ પણ ત્યજવા લાગે. ગુલાબીપણામાં ઊંડાણ આવતું જાય. એ પ્રબળ ને પ્રબળ થતું જાય, અંતે ગુલાબીપણાનો મોહ ત્યજીને એ ભગવો રંગ ધારણ કરી લે. આ દુનિયા એટલે કે સંસાર સતરંગી છે. દરેક રંગના પોતાના ગુણધર્મ અને આકર્ષણ હોય. મોહમાયાનો ત્યાગ કરવો સહેલો નથી. ભગવો રંગ, જે વૈરાગીપણાનું પ્રતિક છે એના તરફનું ખેંચાણ જ્યારે વધી જાય, એ વધુ આકર્ષક લાગવા માંડે ત્યારે બીજા રંગ ફીક્કા થઈ જાય. નિર્જીવ પથ્થરો પરથી ઝરણું ખળખળ કરતું વહે ત્યારે એ પથ્થરના અસ્તિત્વને નાદમય બનાવી મૂકે છે. ધીમે ધીમે એ જુના સ્વરૂપનો ત્યાગ કરીને નવો સ્વચ્છ અને લીસ્સો અવતાર ધારણ કરે. આવું જ કશુંક જ્યારે મનુષ્ય સાથે ઘટતું હશે ત્યારે ભગવા તરફનું એનું આકર્ષણ પ્રબળ બની જતું હશે!



**"એની સામે કાયમ સાચું રહેવું છે**
**દુનિયા સામે છો ને દંભી પડદામાં."**

હમ્મ્મ.. અહીં 'એની'નો અર્થ વ્યાપક છે. એ ગમતી વ્યક્તિ, માંહ્યલો કે ઈશ્વર હોઈ શકે. બસ, એ કોઈ એકની સામે સાચા રહીએ. કશાય દંભ વગર જેવા છીએ એવા પ્રસ્તુત થઈએ. પોતીકા સંબંધોમાં પારદર્શકતા હોવી જરૂરી. બાકી દુનિયા સામે ભલેને આપણું જે સ્વરૂપ હોય!



**"તેથી અમને લગની લાગી ગઝલોની**
**આપ રહ્યા છો હરદમ એના મત્લામાં."**

નખશિખ પ્રણયોર્મિ ભરેલો શેર. પ્રેમના તગઝ્ઝુલથી રંગાયેલો આ શેર પ્રણયની ભાવનાને જ ઉજાગર કરે છે કે પછી અહીં પરમ તત્વની વાત થઈ રહી છે? એ સ્પષ્ટ નથી. થોડું કહ્યું, થોડું ગોપિત રાખ્યું. જે રીતે વાત મૂકવામાં આવી છે અને જે રીતે કાવ્ય તત્વ ઉઘડે છે કવિકર્મને દાદ દેવી ઘટે. ભાવ તગઝ્ઝુલનો હોય કે તસવ્વુફનો, આપણે શેર માણીએ.

અસ્તુ.



# લવ-ટેંક

- અનંત ગોહિલ

## લવ-મેરેજ : સંતાનો VS પેરેન્ટ્સ

"સમય ઘણો આગળ વધી ગયો છે શીતલ. આ આજકાલના છોકરાઓ આપણું કહ્યું કંઈ માનવાના જ નથી. જો ને પેલા રમેશભાઈ અને પુષ્પાબેન સાથે જે થયું એ તને ક્યાં નથી ખબર! એકની એક છોકરી ભાગીને પેલા ગલ્લાવાળા અરવિંદના ઘરમાં જઈને બેઠી! હવે રમેશ શું મોઢું લઈને ફરે તું જ કે! બિચારો થઈને નીકળે છે ઘરેથી અને મને ખબર છે ત્યાં સુધી ઘર પણ વેચી નાખ્યું છે, કહેવાય છે કે અહીંયા રહેવું એના માટે ભારે થઇ પડ્યું છે. ભગવાન આવી પરિસ્થિતિ તો કોઈ દુશ્મનને'ય નો આપે એ જ પ્રાર્થના! આપણે પણ આ આનંદીનું કોઈ સારા ઘરે ગોઠવાઈ જાય એટલે ગંગા નાહ્યા!" સવાર-સવારમાં છાપું વાંચતા-વાંચતા મનોજભાઈ પોતાની પત્નીને વાત કરી રહ્યા હતા.




પણ કોને ખબર હતી કે અંદર રૂમમાં બેઠેલી એમની પુત્રી આનંદી આ બધું જ સાંભળતી હતી. એને પહેલા ઘણી વાર વિચાર આવ્યો હતો કે પપ્પાને પ્રથમ અને એના વિશેની વાત કરે પણ હર-એક વખતે આવી કોઈ ને કોઈ વાત નીકળે અને એનું મન પાછું પડી જાય. એને થઇ જતું કે શું લગ્ન અથવા પ્રેમ પોતાની જાતના, પોતાના ધર્મના, પોતાને સમકક્ષ હોય એવા સાથે જ કરવાના! અરે આ તો કંઈ વહેવાર થોડો છે કે જેટલા રૂપિયા આપ્યા હોય એવી જ વસ્તુ મળે! કેટલા એવા પેરેન્ટ્સ હશે કે જેણે પોતાના સંતાનની પસંદ વિશે ના પાડતા પહેલા એક પણ વાર એ છોકરા ને છોકરીને જોઈ હશે, મળ્યા હશે! ના, એક પણ વાર નહીં, બસ સીધી ના જ પાડી દેવાની! અમારી મંજુરી વગર તો કોઈ છોકરાને જોવાય જ કેમ! અને પ્રેમ, છી...થૂં...એ તો અપરાધ છે, પાપ છે! બસ આવી બધી વાતોના વિચારે ચડી જઈ આનંદીનું મન ખારું થઇ જતું. એને એમ થતું કે બન્ને બાજુથી એક દીવાલ છે અને એ બે દીવાલો વચ્ચે એ ભીંસાઈ રહી છે. એનાથી કંઈ થઇ શકતું નહિ એટલે દુ:ખી થઈને કોઈને ખબર ના પડે એમ રડી લેતી.

આનંદીને એની કઝીન કૃપા સાથે બહુ જ લગાવ. ઉંમરમાં આનંદી કરતા કૃપા ચાર વર્ષ મોટી. આનંદી એમની સાથે એક કમ્ફર્ટ અનુભવતી. ક્યાંય ફરવા જવું હોય, કોઈ વાત પૂછવી હોય, પોતાના 'ક્રશ' વિશે વાત કરવી હોય એ પહેલા કૃપાને જ કહે.

કૃપાને પણ આનંદી પ્રત્યે એક બેસ્ટ-ફ્રેન્ડ જેવું જ વ્હાલ. પણ કૃપાએ વિવેક સાથે ભાગીને મેરેજ કર્યા. આખા કુટુંબમાં જાણે કે ભૂકંપ આવી ગયો. આ શું બન્યું, કેવી રીતે બન્યું, આવું આપણા કુટુંબમાં બની જ કેમ શકે, અરે સમાજમાં શું મોં બતાવીશું આપણે, હજુ રાજીવ નાનો છે કૃપા કરતા એને પણ પરણાવાનો છે, આવું થયું પછી એને છોકરી આપશે કોણ, કે પછી એને પણ આવા જ ધંધા કરવા પડશે? આવા અનેકોનેક સવાલો કૃપાના મમ્મી-પપ્પાને કરવામાં આવ્યા. બિચારા શું બોલે? એમને ખુદ ખબર નહોતી પડી રહી કે આટલા બધી સુખ-સગવડો આપ્યા પછી પણ છોકરી આવું ખોટું પગલું કેમ ભરી શકે!



બે-એક વર્ષ તો કૃપા સાથે કોઈ વાત ના થઇ આનંદીની, પણ એ પછી એક વાર અચાનક એક મોલમાં વિવેક અને કૃપા એને ભટકાઈ ગયા. કૃપા આનંદીને પોતાના ઘરે લઇ ગઈ, વિવેક સમજીને જ એ બન્નેને સમય મળે એ માટે કામનું બહાનું કરીને છટકી ગયો. બન્ને બહેનોએ બહુ બધી વાતો કરી, પછી આનંદીએ કૃપાને પૂછ્યું, “દી, તમે આવું કેમ કર્યું? બધાને કેટલું હર્ટ થયું તમારા કારણે. એક વાર અંકલ-આંટીને વાત કરી હોત તો પણ કંઇક રસ્તો નીકળત!” આવું કહેતા-કહેતા એના મનમાં એક વાર વિચાર તો આવી જ ગયો કે એ પણ તો પોતાના પેરેન્ટ્સને ક્યાં કંઈ કહી શકે છે!

કૃપાએ આનંદીને વાત કરતા કહ્યું, “મેં મારી રીતે બધું કહી જોયું, એક વર્ષની રાહ પણ જોઈ લીધી, અને તું માનીશ નહીં કે પપ્પા-મમ્મીને મેં વિવેક વિશે વાત કરી તો એમને એને જોવા કે મળવાની વાત તો દુર મને સીધી ના જ કહી દીધી કે આપણે અહીંથી આગળ વધવાનું થતું નથી. એ આપણી જ્ઞાતિનો નથી, અને કદાચ કોઈ ઉંચી જ્ઞાતિનો હોત તોપણ વિચારત પણ એ આપણાથી હલકી જ્ઞાતિનો છે. એની સાથે આપણે સબંધ કરીએ તો સમાજ શું વિચારે? આપણા સગા-સબંધીઓ શું વિચારશે? આપણે કોઈને મોં દેખાડવા લાયક ના રહીએ. મને એમ થયું કે એમણે મને એક વાર પણ એમ ના પૂછ્યું કે, તે છોકરામાં એવું શું જોયું કે એ શું કરે છે કે એના મમ્મી-પપ્પા શું કરે છે. બસ સીધી ના જ! અરે કોઈ નાત-જાતના કે કોઈ ધર્મના થતા પહેલા બધા એક સરખા ‘માણસ’ જ છે. ભગવાને કોઈને અલગ નથી બનાવ્યા. બધા સમાન જ છે. આ બધા ભેદભાવો આપણે સમાજની વ્યવસ્થા માટે સર્જ્યા હતા અને આજે આ જ ભેદભાવો સમાજની વિવશતા માટે જવાબદાર છે!

આનંદી હું એમ નથી કહેતી કે મમ્મી-પપ્પા ખોટા છે કે સમાજ ખોટો છે. બધા પોતાની રીતના સાચા જ હશે, પણ મારી અંગત ખુશીનું શું? કદાચ મેં એમણે કહ્યું હોત એ છોકરા



સાથે મેરેજ કરી લીધા હોત તો બધા જ ખુશ હોત, પણ ખુદ હું જ ખુશ ના હોત. તો એવા જબરદસ્તીના લગ્નનો ફાયદો જ શું? માત્ર એક કજોડું વધત સમાજમાં, પછી આગળ જતા કદાચ વિચારોના મતભેદ સર્જાત, છૂટાછેડા થાત અને પછી આગળ શું આવત? કે સમાજ વાતો કરશે! મને ક્યારેક એમ થઇ જાય કે આ સમાજ શું ક્યારેય સારી વાતો નહીં કરતો હોય? અને જો પ્રેમ કરવો એ ગુનો જ હોત તો પછી આ લોકો રાધા-કૃષ્ણને કેમ પૂજે છે? કૃષ્ણ ભગવાન યાદવ હતા એ ઘણાને ખબર હશે પણ રાધાની કે રુક્મિણીની કઈ નાત છે એ ખબર હશે કોઈને? અને એ પણ જવા દો, શું કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે એક નાતના હોય તો જ પ્રેમ થાય. અરે પ્રેમ તો એક નિષ્કલંક વસ્તુ છે એ કંઈ પસંદગી પામીને ના થાય, એ તો બસ થઇ જાય! અને તું જ કે આનંદી આપણને ગમતી હોય એવી એક વસ્તુ પણ આપણે લઇ ના શકીએ તો એનો અફસોસ આપણને રહેતો હોય તો આ તો પસંદગીના જીવનસાથીની વાત છે આ વાતનો અફસોસ આખું જીવન રહે કે નહીં!"

કૃપાને મળ્યા પછી આનંદીનું મગજ સુન્ન થઇ ગયું હતું, એને સમજ નહોતી પડતી કે કોણ સાચું ને કોણ ખોટું, પણ એણે નક્કી કરી લીધું હતું કે પ્રથમ વિશે આજે મમ્મી-પપ્પા સાથે ખુલ્લા દિલે વાત કરી લેશે પછી જેમ તેઓ નિર્ણય લેશે એમ એ કરશે. એણે ઘરે આવીને બન્નેને પોતાની સામે બેસાડી વાત કરી. પહેલા તો આનંદીના માતા-પિતા ચોંકી ગયા કે આનંદી આ શું વાત કરે છે, આપણા ઘરમાં આવું કઈ રીતે બની ગયું. પણ એ બન્ને સમજદાર હતા, જ્યાં પરિસ્થિતિ સાચવવાની આવી ત્યાં તેમણે સાચી લીધી. એમણે આનંદીને કહ્યું કે, "બેટા, જો અમે તારી ખુશી જ ઇચ્છીએ છીએ. પણ આપણે તાત્કાલિક કોઈ નિર્ણય નથી લેવો. આપણે બધું જોઈ-સમજી-વિચારી આગળ વધીશું."



અને થોડા સમય પછી પ્રથમ સાથે એના મમ્મી-પપ્પાની મુલાકાત થાય છે, બન્નેના માતા-પિતા એકબીજાને મળે છે. હા અમુક નાત-જાતના ઈશ્યુ આવ્યા, પણ બન્નેના માતાપિતા અને બન્ને છોકરા સમજવાળા હતા એટલે એ બધી મુશ્કેલીઓ પાર નીકળી ગઈ. અંતે જીત તો પ્રેમની જ થાય છે અને જો એવું ના બને તો સમજવું કે હજુ અંત આવ્યો જ નથી.




# લપડાક

## વિચાર્યા વગરનો વિરોધ...

- મનોરી શાહ

આજકાલ બધે વિરોધનું વાતાવરણ છે. છેલ્લા એક-બે વર્ષથી દેશ આખાને જાણે નજર લાગી ગઈ છે. સરકાર અને વિપક્ષોનું તો ચાલતું જ રહે છે, સદનની બહાર અને અંદર; કાશ્મીરમાં સેનાનાં જવાનો અને સામાન્ય નાગરિકો સતત ઘર્ષણમાં છે; વધારામાં તો હવે જાતિ અને ધર્મના નામે જેને મન થાય એ નીકળી પડેછે : અમુકને અનામત જોઈએ છે, અમુકને નથી જોઈતી, અમુકને સામેવાળાને મળે છે, એનાથી તકલીફ છે, અમુકને કોઈ કામ નથી તો બસ કંઇક મનોરંજન જોઈએ છે. આ તો ચલો થોડાં કોન્ક્રીટ મુદ્દા થયા, પણ એ ઓછું હતું તો હવે ફિલ્મો, એનાં પાત્રો, એ માટેનાં એક્ટર્સ, લોકેશન અને એવા બધાથી પણ તકલીફ પડવા માંડી છે. હું આ લખું છું ત્યારે 'પદ્માવતી' (હું 'પદ્માવત' નહિ કહું, હું તો જૂનાં નામે જ બોલાવીશ, જાણે નામ બદલવાથી આપણે કન્ફયુઝ થઇ જઈશું કે કોની વાત છે!) ફિલ્મની રીલીઝ ખતરામાં છે.



એનાથી વધારે આપણો દેશ અને લોકોની અક્કલ ખતરામાં છે.

જ્યાં સુધી ફિલ્મો અને અભિવ્યક્તિની વાત છે, તો મારું સ્પષ્ટપણે માનવું છે કે દરેક કલાકારને હક છે પોતાની વાત રજુ કરવાનો. જો કોઈ ઐતિહાસિક મુદ્દા પર ફિલ્મ બને છે તો એ પણ એમની creativity નો વિષય છે. એ ફિલ્મ ખાલી એ મુદ્દા પરથી પ્રેરણા લઈને બની છે. સ્કૂલ કે કોલેજનાં ઈતિહાસનાં કોર્સ ભણાવવા માટે નથી બની. પણ મારો આજનો મુદ્દો પદ્માવતી કે બીજી કોઈ ફિલ્મ નથી, મારે વાત કરવી છે આપણા દેશમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને એની રીતની. પદ્માવતી માટે જે રીતે હિંસક અને તોડફોડ વાળો વિરોધ થયો એનું શું કોઈ justification છે? અને માન્યું હું મારવાડ/ મેવાડ નથી ગઈ, પણ રાજપૂત વીરતાની, વફાદારીની અને એમની ભૂમિ માટેનાં સમર્પણની વાતો સાંભળી છે. તો હજી એક તો આપ સૌ મોવડીઓએ ફિલ્મ તો જોઈ જ નથી, અને દેશની અને રાજ્યની આટલી સંપતિનું નુકસાન કરવું રાજપૂત ગર્વને શોભે? જે સમાજ પોતાનાં વહુ-દીકરાની આમન્યા દુરથી પણ ના ચુકે એને કોઈની દીકરીનું નાક કાપી લાવવાની ધમકી આપતા ક્યાંય અંદર કંઈ ડંખ્યું નહિ?




એમાં કોઈ શંકાને સ્થાન નથી કે આ ફિલ્મનાં વિરોધ તો ખાલી બહાનાં હોય છે. પછીથી બધું રાજકીય હિતમાં જ ફંટાઈ જાય છે અથવા રાજકીય પક્ષોની કઠપૂતળી બની જાય છે. પણ મને આમ અમુક પ્રશ્નો થાય, ખાસ કરીને જયારે હું આવું કોઈ વિરોધ પ્રદર્શન જોઉં કે કોઈ ફોટો કે વિડીયો આવે. પહેલી વાત એ કે આટલા બધાં લોકો આવતા ક્યાંથી હશે, આ જેટલું મોટું ટોળું હોય છે એમાં બધાં એ જ સમાજનાં હશે જેઓ વિરોધ કરે છે? બધાંને ખરેખર મુદ્દો ખબર હશે? (પદ્માવતીનું ઉદાહરણ લઈએ તો બધાને ખરેખર જે STORY હતી એ ખબર હશે? બધાં ઈતિહાસ ભણીને આવેલાં હશે?) ચલો માન્યું કે એવું છે, તો પણ આટલી બધી નવરાશ અને આક્રોશ લાવો ક્યાંથી છો? મને કોઈ આવીને કહે કે કોઈ માણસે એક ફિલ્મ બનાવી છે અને મને એવું લાગે છે (લાગે છે, જોઈ તો મેં પણ નથી!) કે એમાં આપણા સમાજ વિષે ભળતું-સળતું બતાવ્યું છે, તું આજે રાત્રે પાર્કિંગમાં સ્કુટરો સળગાવવા આવીશ? હું તો આખા દિવસની થાકેલી, અમદાવાદનાં ટ્રાફિકમાં અથડાઈ-કુટાઈને આવેલી ના પાડી દઉં કે, ના ભાઈ માણેકચોક જવું હોય તો કહેજે.

આપણા યુવાનો GOA સિવાયનાં પ્લાન્સમાં ના નથી પાડતાં એવું છે? અને ઘરેથી શું કહીને નીકળવાનું? “મમ્મી, વિરોધ કરવા જાઉં છું. કલાકમાં એકાદ ડઝન પથ્થર મારીને આવી જઈશ.”?



આપણે સૌ યુવાનોએ સમજવાની જરૂર છે કે આપણી અસીમ શક્તિઓનો અમુક લોકો દુરુપયોગ કરે છે. આવા કશામાં સામેલ થતા પહેલા એક વખત શાંતિથી વિચારવામાં શું નુકસાન છે? વળી, આ જે બધો વિરોધ કરવાનો સામાન છે, એનું logistics કેમનું? આમ ખિસ્સામાં પથ્થરો રાખતા હશે લોકો? અને સળગાવા માટે પેટ્રોલ કે કેરોસીન? એમાં તો હજી હું માનું કે અંદર-અંદર બધાનું ‘સેટિંગ’ છે. પણ જરૂર શું છે? ફિલ્મથી આટલી તકલીફ છે તો કોઈએ સંજય લીલા ભણસાલીનાં ઘરની બહાર ભૂખ-હડતાલ કરી? કેન્ડલ-માર્ચ? કે એ ખાલી દીકરીઓ પર બળાત્કાર થાય ત્યારે જ?.. અરે, હજી એક પ્રશ્ન : આમ વિરોધ પ્રદર્શનની અલગ અલગ કેટેગરી હોય?- ફિલ્મ માટે પથ્થરમારો, અનામત માટે આગ અને હિંસા, શોષણ અને બળાત્કાર (એ કંઈ બહુ મોટી વાત નથી એવું?) માટે મીણબત્તીઓ અને વગેરે વગેરે..?




બીજો એક પ્રશ્ન વિરોધ પ્રદર્શનની 'ભવ્યતા'નો છે. હમણાં પ્રજાસત્તાક દિનનાં બપોરે હું ઘરેથી ગાંધીનગર જતી હતી તો કોઈ 'બ્રહ્મ-અધિકાર રેલી' હતી. આખો રસ્તો, આખો રસ્તો એ લોકોએ ઉપયોગમાં લીધેલો. એમની ગાડીઓ, two-wheelers, બાકીનાં સાધનો. મને ખ્યાલ નથી કે મુદ્દો શું હતો પણ એક ખાલી વિચાર છે કે એ બધા રસ્તા કમ સે કમ ૪-૬ લેન વાળા છે, તો બીજા રાહદારીઓ માટે, અરે ત્યાં અમુક હોસ્પિટલ વગેરે છે તો એમ્બુલન્સ માટે, ખાલી એક લેન ખુલ્લી ના રાખી શકાય? આપણને સૌને હક છે પોતાની વાત રાખવાનો, પણ થોડો બીજાનો વિચાર પણ કરીએ તો ખોટું શું છે? મારે મોડું થયું એ દિવસે ક્લાસમાં જવાનું એ સમજી શકાય, પણ કોઈ દર્દી તકલીફમાં મુકાય એનું શું? માન્યું ત્યાં બાજુમાં થોડે અંદર સર્વિસ રોડ છે, પણ બધે એનાથી ના પહોંચાય. આખા રસ્તા, આખું શહેર બાનમાં આવે તો જ વિરોધ કર્યો કેહવાય? મને ખરેખર ખુશી થશે જો બીજા માટે વિચારીને આપણે કંઇક કરવા લાગીશું. અને જે દિવસે આવા કારણ વગરનાં વિરોધ અટકી ગયા અને ખરેખર જેની જરૂર છે એ મુદ્દાઓ પર ચર્ચા અને આક્રોશ વ્યક્ત થવા લાગ્યાં એ દિવસે હું ચેનથી મરીશ.

છેલ્લે મને વિચાર આવ્યો કે કેમ નહિ બધા વિરોધ પ્રદર્શનો માટે ખાલી આપણી સરહદો પર જ જગ્યા આપીએ તો? બીજે ક્યાંય પરમીશન નહિ. એક દિવસ આપણા બહાદુર જવાનોને પણ તો રજા મળવી જોઈએ ને! મને આપના મત જણાવો manorishah@gmail.comપર.



# ગુલાબજળ

- યાજ્ઞિક વઘાસિયા

## તમારે સાંજને સામે કિનારે જાવું હો,
## તો વાતચીતની હલ્લેસાં-સભર હોડી છે.


સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, ગાડી નંબર ૧૯૦૧૫. જામનગર ભણતો હોવાથી વારેવારે જામનગર-અમદાવાદ વચ્ચે ફંગોળાયા કરતો. બસનું ભાડું એટલું બધું વધારે, કે દર મહીને બસમાં મુસાફરી કરવી પોસાય એમ નહોતી. પોસાય એમ તો હતી, પણ મનમાં થયા કરતું કે, ૩૫૦-૪૦૦ રૂપિયાનું બસભાડું બન્ને વખતે ચુકવવા કરતા સરકારની ટ્રેન-ફેસીલીટીનો લાભ લેવો. સાવ પૈસાને કારણે નહી, પણ પપ્પાના પોતાના પરના ઉપકારોનો બોજ ઓછો કરવા. હા મને ખબર છે, આવા બસો-પાંચસો રૂપિયાથી બોજમાં કોઈ ફરક ના પડે. પણ આમ આપણને મનમાં એમ થાય કે, આપણે બચાવ્યા એમ!




આઠ વાગ્યાની ટ્રેન આઠ વાગે આવે તો તો સિસ્ટમની 'ભારતીયતા' લાજે. ટ્રેન પંદર મિનીટ લેટ હતી, એવું એનાઉન્સમેન્ટ થયું. હું રાહ જોઇને ઉભો રહ્યો. કાલુપુર સ્ટેશન. આવતી જતી ટ્રેન, ઉતરતા અને ચડતા પેસેન્જરો, સામાન ઉંચકતા કૂલીઓ, ફૂડ અને બૂક-સ્ટોલ, એના પરના કસ્ટમરો, પ્લેટફોર્મ પર ઉભડક બેસીને ટોળટપ્પા કરતા માણસો, લાજ કાઢેલી સ્ત્રીઓ, કાનમાં હેન્ડ્સફ્રી ભરાવી સોંગ્સ સાંભળતા અથવા મોબાઈલ મચકોડતા યુવાનો, પાનની પિચકારી મારીને ગંદકી કરતા 'અસ્વચ્છ' ભારતીયો, પાટા પર દોડાદોડી કરતા ઉંદરડાઓ, ટ્રોલી ઢસડીને ક્યાંક ટૂરમાં જતી છોકરીઓનું ટોળું, આર્મીના જવાનો.. બધાને જોઇને મને મારું 'વાર્તા' સાથે મિલન થતું હોય, એવું લાગ્યું. પણ આમ અધૂરા મિલનથી 'વાર્તા' પ્રગટ ના થઇ. ક્યાંકને ક્યાંક મારી વાર્તા ગૂંચવાતી હોવાનું મને લાગ્યા કર્યું. 'પાત્ર' હતા, પણ 'ફ્લો' ન્હોતો આવતો. આગળ કઈ રીતે લઇ જવી મારે? મારે ના છૂટકે વાર્તા અધુરી મુકવી પડી.

વાર્તા જતી રહી. હું નિરાશ થઇ ગયો. હું આજુબાજુ વાર્તાઓ શોધવા લાગ્યો. પણ મને ખાલી 'પાત્રો' જ કેમ દેખાય છે આજે? લોકો એક બસ-સ્ટોપના બેઝ પર જ કેવી સરસ વાર્તા લખી નાખે છે, ને હું તો બાર પ્લેટફોર્મવાળા એટલા મોટા રેલવે-સ્ટેશન પર એને પકડી ના શક્યો. મને મારી જાત પર શરમ આવવા લાગી.

ટ્રેનની વ્હીસલ વાગી. પછી ટ્રેન પણ આવતી દેખાઈ. હું નીચે મુકેલી મારી બેગ પકડી તૈયાર થઇ ગયો. ટ્રેન આવી ગઈ. પેસેન્જર્સ ઉતરે એ પહેલા જ ઘણા ડફેરો ચડવા લાગ્યા. બે-ત્રણ જણા ઝઘડી પણ પડ્યા. એટલી બધી શું ઉતાવળ હશે? જગ્યા મળી જાય એમ જ હતું. ‘ઓફ’ સીઝન હતી. પણ પબ્લિક કોને કહેવાય? એ થોડી સમજે? હું ચપળતાથી અંદર ધુસી ગયો. જનરલ’ ડબ્બામાં જગ્યા લેવામાં જેટલી ઉતાવળ કરવી પડે, એટલી મેં કરી. મને જગ્યા મળી પણ ગઈ. મારે જોઈતી એવી જ સીટ.



‘સીટ’ ના મળી હોત તો મને ‘નવી’ વાર્તા મળત - ‘મુશ્કેલ પરિસ્થિતિમાં જીવન જીવતા એક યુવાનની કથા’. પણ મને તો સીટ મળી ગઈ! હવે? મેં આજુબાજુ નજર કરી. બાંદ્રા બાજુથી આવતા ડબ્બામાં નાહકનો અવાજ કરતા યુપી બાજુના હિન્દીવાસી લોકો, જોવામાં થોડા વ્યવસ્થિત લાગતા, પણ ફોનમાં જોરજોરથી વાત કરતા ધંધાદારી લોકો, સમોસા -પાણીની બોટલ - મસાલાવાળા ચણા - ચા - પાનમસાલા - બીડી - રમકડાં વેચતા ફેરિયાઓ, તાળી પાડીને પૈસા ઉઘરાવતા વ્યંઢળો.. આ બધું જોઇને એકસાથે કેટલીયે વાર્તાઓ મારા મનમાંથી ફટાફટ પસાર થઇ ગઈ.

ટ્રેન તો હજી ઉપડી જ હતી, એટલે એની સ્પીડ ઓછી હતી. પણ ‘વાર્તા’ શોધવાની મારી તાલાવેલીએ ટ્રેનને ક્યારનીય ઓવરટેક કરી લીધી હતી.

મને આગળના કમ્પાર્ટમેન્ટમાંની સિંગલ સીટ પર એક ‘વાર્તા’ દેખાઈ. એક છોકરી બેઠી હતી. મારા કરતા થોડી મોટી લાગતી હતી. ગળા ફરતે સ્કાર્ફ વીંટાળેલો હતો. સિમ્પલ બ્લેક ટીશર્ટ અને બ્લ્યુ જીન્સ. છતાં એના હાવભાવ પરથી એ છોકરી બહુ મોડર્ન લાગતી હતી. કાનમાં હેડફોન હતા, હાથમાં કોઈક બૂક હતી. યેસ. આ જ છે મારી ‘વાર્તા’નું પાત્ર. પાત્ર તો મળી આવ્યું, પણ વાર્તા ‘આગળ’ વધારવા માટે મારે અમુક શક્યતાઓ વિચારવાની હતી.



લોકો ટ્રેનમાં મુસાફરી કરીને, સાથી મુસાફરો સાથે વાત કરીને, એના જીવનમાં ડોકિયું કરીને, એને વર્ણવતી વાર્તાઓ લખીને આખે આખી બૂક લખી નાખે છે. મને પણ ઈચ્છા થઇ આવી. મારે પણ એ છોકરી સાથે વાત કરવી હતી. પણ એની આજુબાજુ કોઈ સીટ ખાલી નહોતી. મારી વાર્તા મારી સામે બેઠેલા દાદાની બીડીના ધુમાડા સાથે જ ઉડી ગઈ. મેં બારી બંધ કરી દીધી. હવે તો હું ‘વાર્તા’ને જવા દેવાનો જ નથી. નહિ નહિ ભગવાન. પ્લીઝ રોકી લો એને.

ઈશ્વરે મારું સાંભળી લીધું. વિરમગામ સ્ટેશન આવવાની તૈયારી હતી. પેલી છોકરીની સામે બેઠેલા એક ભાઈ ઉતરવા માટે ઉભા થયા. મેં દોડીને એ સીટ પચાવી પાડી. હવે? વાત કરવા માટે કંઇક બહાનું તો જોઈએ ને? કોઈ છોકરો હોય તો, ગમે એમ કરીને વાત ચાલુ કરી શકાય. પણ છોકરીઓ સાથે વાત કરવા માટે ઘણી તૈયારી કરવી પડે છે. ટ્રેન સ્ટેશનેથી નીકળી. એણે સ્પીડ પકડી. મારા વિચારોએ પણ સ્પીડ પકડી. મારા મગજમાં 'સ્પાર્ક' થયું. બૂક. હા બૂક જ છે હવે મને, જે નેક્સ્ટ સ્ટેશન સુધી લઇ જશે. બૂક ધ્યાનથી જોઈ. એનું શીર્ષક વાંચ્યું. એ છોકરી ડૉ શરદ ઠાકરની 'રણમાં ખીલ્યું ગુલાબ' બૂક વાંચતી હતી. વાહ, આમાં ભગવાનનો શુભ સંકેત હતો. આ વિષય પર તો હું વાતને ઘણી આગળ લઇ જઈ શકું એમ છું. મેં એને પૂછ્યું,

"શરદભાઈના શબ્દો આમ સીધા દિલમાં ઉતરી જાય એવા હોય છે નહીં?"



એને એવું લાગ્યું કે હું કંઇક બોલ્યો, પણ શું બોલ્યો એ સાંભળી ના શકી. એણે હેડફોન દૂર કર્યા અને મને પૂછ્યું,

"શું તમે મને કંઈ કીધું?"

"હું એમ કહેતો હતો કે, શરદભાઈના શબ્દો સીધા દિલમાં ઉતરી જાય એવા હોય છે.."



"હા. મારા ફેવરીટ ગુજરાતી રાઈટર છે આજના સમયના. તમને પણ વાંચવાનો શોખ છે?"

"હા. ક્યારેક ક્યારેક લખી પણ લઉં છું."

"ઓહો. શેમા?"

"બ્લોગ. એવરી સન્ડે. રેગ્યુલર.." મને મારી 'વાર્તા' આગળ વધતી દેખાઈ.

"સારું કહેવાય."

"આ ડૉ શરદ ઠાકર જ્યાંથી ભણેલા, એ જ કોલેજમાં છું હું. જામનગરમાં. ડોક્ટરની ડાયરીમાં તમે વાંચેલું હશે અમારી કૉલેજ વિશે.."

"હા. વાંચેલું છે ને. તમે પણ એમની જેમ ડોક્ટર છુઓ એમ ને. વાહ."

"ના. હજી નથી. હજી તો થર્ડ યરમાં છું."

"નથી, તો થઇ જશો, બીજું શું!" મારી 'વાર્તા' હવે ડાયવર્ટ થઇ રહી હતી. મારે એમની 'વાર્તા' રચવાની હતી, એમની 'વાર્તા'નું 'પાત્ર' નહોતું બનવાનું મારે. મેં વાત વાળવાનો પ્રયત્ન કર્યો,

"તમે શું કરો છો? ક્યાંના છુઓ તમે?"

"હું છું તો સુરતની. પણ અત્યારે પોરબંદર જાવ છું."

"પોરબંદર? ફરવા? એકલા?"

"સાચું કહું તો હું ઘરેથી ભાગી આવી છું." વાહ વાહ. મારી 'વાર્તા' હસવા લાગી. એક છોકરી એક અજાણ્યા છોકરાનો બે મિનીટ પહેલા જ 'પરિચય' થયો છે, એને પોતે 'ભાગી આવી છે', એમ કહેતા અચકાઈ નહીં.

"કેમ? કોની સાથે?"

"કોઈની સાથે નહી. જેને માટે ભાગી છું, એ અત્યારે પોરબંદર છે. મુસલમાન છે. હું હિંદુ છું." એ હસવા લાગી. એને હસતી જોઇને મારી વાર્તા પણ ફરી હસવા લાગી. 'ઇન્ટર રીલીજીયસ મેરેજ' વિશે સાંભળીને તો એ કુદકા જ મારવા લાગી.

મને 'વાર્તા' લખવાના નિયમો યાદ આવી ગયા. એટ ધી સેન્ટર ઓફ ધી સ્ટોરી - એક પાત્ર અથવા પાત્રોનો સમૂહ, જેનામાં કંઇક ઉણપ હોય; બળની, બુદ્ધિની, સુંદરતાની, શારીરિક, માનસિક, પૈસાની, વસ્તુની, ધ્યેયની. એને ગમે એમ કરીને અધૂરા/નબળા ચીતરો. પછી એ ઊણપ વિશે ઊંડાણપૂર્વક લખીને એની સાથે વાચકને ઓતપ્રોત કરી દો. પછી એકાદો વળાંક લાવો. પાત્રને સબળ કરતા જાવ અને છેલ્લે એને જીતાડો. ને જો સબળ થયા પછી પણ એ હારી જાય તો તો 'વાર્તા' સફળ. વાર્તાના 'હીરો'ને છેલ્લે મારી નાખો તો એ સુપરહિટ સાબિત થાય. લોકોને એના માટે લાગણી અકબંધ રહે અને એમ ને એમ જ વાર્તા વાચકના મન પર છવાયેલી રહે. મને આ બધા 'તત્વો' આમાં દેખાઈ રહ્યા હતા.

મેં વાત આગળ વધારી. આઈ મીન 'વાર્તા' આગળ વધારી. બન્ને સુરત કોલેજમાં સાથે ભણતા. બન્ને પ્રેમમાં પડ્યા. ઘરેથી થોડા માને કોઈ? પહેલા પેલો આવી ગયો પોરબંદર અને હવે પેલી ઘરેથી કીધા વગર ભાગીને આવતી રહી. પછી તો અમે ઘણી વાતો કરી. મમ્મીએ સાથે બાંધી આપેલું ટીફીન પણ અમે બન્નેએ ભેગા થઈને ખાધું. એ ખાઈને મારી 'વાર્તા' પણ સંતૃપ્ત થઇ ગઈ.

ટ્રેન આંચકો મારીને ઉભી રહી. રાજકોટ સ્ટેશન આવી ગયું હતું. હું તો મારી જગ્યાએ જ બેઠો હતો, અમદાવાદથી બેઠો હતો ત્યાં જ. પેલી છોકરી પણ હજી ત્યાં જ બેઠી હતી, એની જ જગ્યાએ, આગળના કમ્પાર્ટમેન્ટમાંની સિંગલ સીટ પર. હજી એ બૂક વાંચતી હતી. પણ હેડફોન કાઢી નાખ્યા હતા. હું એની સામેની ખાલી સીટ પર જઈને બેસી ગયો. શરદ ઠાકરની બૂક નહોતી. પોલો કોએલોની 'એકલવીર' હતી. ઘણીવાર પછી મેં પૂછ્યું, "આમની 'એલ્કેમિસ્ટ' વાંચી છે તમે?"

એણે 'સાઈન' લેન્ગ્વેજથી મને સમજાવ્યું કે, એ બોલી નથી શકતી. અરે રે. મારી વાર્તા પણ મૂંગી થઇ ગઈ. પણ થોડીવાર માટે જ. અહીંયા તો મારે પાત્રને 'દુબળું-નબળું-શારીરિક કે માનસિક ખોડખાંપણવાળું' બનાવવાની જરૂર જ નથી. અહીં તો પાત્રમાં ઓલરેડી એક ઉણપ છે જ. મેં એમણે સ્માઈલ આપ્યું. પછી હું આગળની શક્યતાઓ વિચારવા લાગ્યો. જામનગર આવી ગયું હતું. ટ્રેન ઉભી રહી. મેં એમને 'બાય' કહ્યું. સામાન લઈને હું નીચે ઉતર્યો. એને ફરીવાર 'બાય' કહેવા માટે મેં બારીની અંદર જોયું. અરે પણ આ શું? ત્યાં કોઈ હતું જ નહી. એ હતી કે નહી પહેલા? કે વાર્તાની જેમ એ પણ એક ઉભું કરેલું 'પાત્ર' માત્ર હતી. વાહ. જોયું? આમાં પ્રાસ મળ્યો.!

**<u>SHUT DOWN</u>**

**Only a writer can hold conversation between people, that don't exist. We don't talk to ourselves, we talk to the people we created from nothing.**

**- JOSEPH EASTWOOD**

(શીર્ષકપંક્તિ : ઉદયન ઠક્કર)



# SPOTલાઈટ

## INTERNET TROLLING : સોશિયલ ન્યુસન્સ

- નિકેતા વ્યાસ

ડીક્ષનરીમાં એનો અર્થ શોધવા જાવ તો આમ મળશે. - “A person who defaces internet tribute sites with the aim of causing grief and harassing persons online and try to infiltrate their circles by posting negative sexual comments, deliberately, cleverly, and secretly spreading rumors to portrait individual’s image in negative way usually via the internet on social sites or chatting groups.”

સાદી ગુજરાતી ભાષામાં કહીએ તો, “માછલી પકડવાની જાળ પાથરવી.”




શું છે આ ટ્રોલિંગ? સોશિયલ મીડિયામાં ફ્રેન્ડ્સ રીક્વેસ્ટથી એક પુરુષની એક સ્ત્રી સાથે વર્ચ્યુઅલ દોસ્તી બંધાય, એકબીજાની પોસ્ટ પર કોમેન્ટ્સની આપ-લે થાય, મેસેન્જરમાં હાઈ, હલ્લો, ગુડમોર્નિંગ, કે ગુડ નાઈટના નાનાં વાક્યોથી શરુ થયેલ દોસ્તીનો દોર, શાયરી કે જોકસ તરફ આગળ વધે. કદીક પોતાના શોખ વિશે, તો કદીક કુટુંબ કે રોજબરોજની ઘટના વિશે વાત થાય, સિલસિલો ત્યાં ના અટકતાં પેલી સ્ત્રી-મિત્રને બીજા સોશિયલ ગ્રુપ કે માધ્યમમાં ભાગ લેવા આકર્ષવામાં આવે. (જેમ કે વ્હોટ્સએપ માટે ફોન નંબર કે બીજી ચેટીંગની એપ્સ.) આ સમય દરમ્યાન આ મિત્રના કોમન દોસ્તો સાથે પણ સામાન્યતઃ દોસ્તી બંધાય. એમની સાથે નિર્દોષ ભાવે આ સ્ત્રીમિત્ર સમયાંતરે વાતચીત કરતી હોવાને કારણે, “નબળા ઢોરના ધણી ઘણાં” એ કહેવતની જેમ પોતાની જાણ બહાર એ સૌની ખાસ બનતી જાય. એક બાજુ આ બહેનને તો ખ્યાલ પણ નાં હોય અને આ ‘મિત્રો’ના અલગ ગ્રુપમાં એના વિશે શાબ્દિક જયાફત ઉડતી હોય.



અચરજ પમાડે એવું લાગે છે નહિ? પણ વરવું સત્ય છે. વાત એટલેથી થોડી કાંઈ અટકે? કોણ, ક્યારે અને કેવી વાતો ચેટબોક્સમાં એ સ્ત્રીમિત્ર સાથે કરશે એ માટે 'ટાઈમટેબલ' ગોઠવાય. પેલા બહેનના જે-તે 'મિત્ર' સાથે થયેલ વાતના જવાબો જે તે ગ્રુપમાં ફરતાં થાય, ને બાકી રહી ગયેલાં મિત્રોને તાકીદ કરવામાં આવે કે રીક્વેસ્ટ મોકલી કે નહિ? ઓહ! આહ! કેટલું નગ્ન ન્યુસન્સ મીડીયા જગતમાં પ્રવર્તે છે.



કદી વિચાર્યું? તમારાં રાઈ જેવડાં અસ્તિત્વ પર પોતાનો હિમાલય સરખો વિશ્વાસ મૂકી એક સ્ત્રીહૃદયે એનું જૂની ડાયરીમાં ખૂણો વાળેલ પેલું પાનું સુદ્ધાં તમારી સમક્ષ વાંચ્યું.. અને તમે? એને ઓબ્જેકટીફાઈ કરવામાં ક્ષણભરની પણ રાહ ના જોઈ! હું કે તમે જયારે કોઈ ઉપર વિશ્વાસ મૂકી દિલ હળવું કરતાં તો કરી દઈએ છે પણ ક્યારેય એમ નથી વિચારતાં કે સામે વાળું પાત્ર તમારાં ભરોસાને પાત્ર છે કે નહિ. કદાચિત તમારા માટે એ મશ્કરી કે બે ઘડીની ગમ્મત હોઈ શકે અથવા



'લાગ્યું તો તીર નહિ તો ટપ્પો'ની ગણતરી બેશક હોઈ શકે, પરંતુ તમે જેના વિશે એની જાણ બહાર જે પણ સારી-નરસી બાબત તમે તમારા 'ગ્રુપ' નામક ઓટલે ચર્ચી રહ્યાં છો એ કેટલી હદે વ્યાજબી છે? કદી શાંત ચિત્તે વિચાર્યું કે ગ્રુપના ચોરે બેઠેલાં એ દરેક પાછાં બીજા દોસ્ત કે ગ્રુપ સાથે સંકળાયેલા હશે, ને એ ઓટલે પોતાને "હન્ક, હોટ, અને હેપનિંગ" સાબિત કરવા એ આ જ 'ઓબ્જેક્ટ' ને વંટોળે ચઢાવશે ને શરુ થશે વિષચક્ર. એક ચોરેથી બીજા ઓટલે નિરંતર. ને ભૂલે ચુકે પેલી સ્ત્રીમિત્રના કાને આ વાત આવશે ત્યાં સુધીમાં તો એ ઘણાં બધાની 'ભાભી' બનીને રહી ગઈ હશે કે પછી 'આઈટમ', જે ગમે તે સાથે વાત કરવા તૈયાર નહિ?



એક ખાનગી વાત કહું? તમારામાંનો 'પુરુષ' એ સહન કરી શકશે ને? આ 'પૌરુષત્વ'એ એમ કેમ માની લીધું કે જે વાવાઝોડું તમે ઉભું કરી શકો છો એ ઝંઝાવાત ઉભો કરવા માટે સ્ત્રીમિત્રો સક્ષમ નથી? આ તો સામસામે ધૂળેટી કહો કે કાદવ ઉછળ્યાંનો ઉત્સવ મનાવો. 'રંગાય કે ખરડાય' - એ બંને પક્ષે થવાનું જ છે. જે મજા પુરુષો લુંટી શકે છે એની હકદાર સ્ત્રીઓ પણ તો હોઈ શકે ને? આડવાત તો એ પણ છે કે બંને પક્ષે એક એવો વર્ગ માળીજ રહેશે જે એકની



આબરૂ દાવ પર લગાડશે તો સામે નરી લંપટતા ચીતરવા તત્પર હશે. પુરુષોને લંપટ ચીતરવા કે એમની વૃતિ છત્તી કરવા સ્ત્રીઓ પણ ભૂખી ડાંસ જેવી ભૂરાંટપણે સોશિયલ મીડિયામાં ફ્રેન્ડ રીક્વેસ્ટ નો રાફડો ખડકી દેતી હોઈ શકે. એ પણ તો પોતાની સખીને : "જો સાંભળ, તને પેલા અ,બ,ક, માટે ખાનગીમાં કશું કહું, તે ફક્ત તારી જાણ માટે જ છે. જો બીજા કોઈને ગંધ પણ નાં આવવી જોઈએ." કહી સુતળીનું પીલ્લું ગબડતું મૂકી દે તો એનો બીજો છેડો આવતાં સુધીમાં તો પેલાં ભાઈના ઝભ્ભે કેટલાંય ઝગમગતા તારલાં ટંકાઈ ગયા હોય. થોડા ઘણા તો જાતિમિત્રો પાસેથી જ મળ્યાં હોય.

અરે! ફક્ત સ્ત્રીને પુરુષ કે પુરુષને સ્ત્રીઓ જ ચર્ચાના વંટોળે ચઢાવે એમ થોડું હોય? સમલિંગી પ્રહારો અને કનડગત ભોગ બન્યાંના દાખલા પણ કયાં ઓછા છે? આ નકારાત્મક પ્રવુત્તિમાં પુરુષો પુરુષોના જ કે સ્ત્રી પોતાની જ જાતિના દુશ્મન બની શકે એ કેટલું દારિદ્ર્યભર્યું છે. સોશિયલ મીડિયાના સારા ઉપયોગ સામે આવી બળાત્કારી પ્રવુત્તિ ક્યારેક બંને પક્ષોને અસામાન્ય કે દુ:ખદાયક પરિસ્થિતિમાં મૂકી દઈ શકે છે. બંને પક્ષે યાદ રહે કે કોઈ જયારે તમને જોયા-જાણ્યાં વગર તમારી ઉપ્પર અતુટ વિશ્વાસ મૂકી દોસ્તીનો હાથ લંબાવે છે ત્યારે આપણી નૈતિક ફરજ બને છે કે એને ટકાવી રાખવા કમરતોડ પ્રયાસ કરવો જ રહ્યો. એ સંબંધ કાચની માફક 'તડ' દઈને તૂટવો નાં જોઈએ કે નાં તો કોઈ અભદ્ર કે અરાજક તત્વોને કારણે ગંધાવો જોઈએ.




આશ્ચર્યજનક બાબત એ છે કે ઉભય પક્ષો ભૂલી જાય છે, ભૂખ્યાં વરુ અને અડધી ઓલવાયેલ મીણબત્તીઓ સોશિયલ મીડિયાના ચોતરે કયાંક, કશેક છુપાઈને તમારાં જ કોઈ પ્રિયજનને માછલી સમજી જાળ પાથરવાની તૈયારીમાં બેઠું જ હશે! આફ્ટરઓલ, ઈટ ઈઝ અ વર્ચ્યુઅલ વર્લ્ડ!



# Knowtamin

- વિરલ જોશી

## ૧૪ મી ફેબ્રુઆરી વિશે જાણવા જેવું




- વિલિયમ શેક્સપિયરની બે કૃતિઓ 'Midsummer Night's Dreamand' અને 'Hamlet' માં આ દિવસનો ઉલ્લેખ છે.
- ૧૪ ફેબ્રુઆરી, ૧૮૭૬ના દિવસે એલેક્સઝાંડર ગ્રેહામ બેલે તેના ટેલિફોનની પેટન્ટ માટે અરજી કરી હતી!
- પેનેસિલિનનો સૌ પ્રથમવાર ઉપયોગ ૧૪ ફેબ્રુઆરી, ૧૯૨૯માં થયો હતો!
- ટેક્સાસ રાજ્યનાં એક શહેરનું નામ 'વેલેન્ટાઈન' છે, કેમકે એ શહેરમાં પહેલી ટ્રેન ૧૪ ફેબ્રુઆરીના દિવસે આવી હતી!
- ફિનલેન્ડમાં ૧૪ ફેબ્રુઆરી 'Ystävänpäivä'ના નામે ઉજવાય છે, જેનો મતલબ મિત્રો/દોસ્તોનો દિવસ એવો થાય છે!
- મધ્યયુગમાં જ્યારે યોદ્ધાઓ યુદ્ધ લડવા જતા ત્યારે તેમની પત્નીઓ શુભસંકેત તરીકે તેમને રીબીન્સ આપતી, જે સમય જતા વેલેન્ટાઈન દિવસે તે રીબીન્સ આપવાનો રિવાજ બન્યો.
- વિક્ટોરિયનયુગમાં વેલેન્ટાઈન કાર્ડ મોકલવું અશુભ માનવામાં આવતું હતું!
- વેલેન્ટાઈન કાર્ડસ્ તેમજ ગિફ્ટસ્નું આદાનપ્રદાન ૧૭મી સદી પછી શરૂ થયું!
- સિંગલ લોકો દ્વારા આ દિવસને 'Singles Awareness Day (SAD)' તરીકે ઉજવવામાં આવે છે!
- ૧૮મી સદીના ડોક્ટર્સ પ્રેમમાં નિષ્ફળતા મળે ત્યારે ચૉકલેટ ખાવાની સલાહ આપતા, જેથી દર્દ ઓછું થાય!

## સહૃદય આભાર

ભાવેશ ભટ્ટ
રાજુલ ભાનુશાલી
નિકેતા વ્યાસ
મીરા જોશી
રાજુલા શાહ
સ્પર્શ હાર્દિક
ઉમા પરમાર
દર્શિલ ચૌહાણ
હોઝેફા અગવન
મુનીર મલેક

## 'પંખ'ની ઉડાનમાં સહભાગી પાંખો

યાજ્ઞિક વઘાસિયા
મનોરી શાહ
અનંત ગોહિલ
વિરલ જોશી
કેયુર દુધાત

## અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

+919904918168

https://twitter.com/pankh_emagazine

https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

https://www.instagram.com/pankh_emagazine/



http://www.facebook.com/pankhemagazine